Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પથિક


(ઇતિહાસ-પુરાતત્ત્વનું એક માત્ર ગુજરાતી માસિક)

આદ્ય તંત્રી સ્વ. માનસંગજી બારડ

તંત્રીમંડળ

ડૉ. નાગજીભાઈ ભટ્ટી, ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

વર્ષ : ૩૮ મું, અંક : ૬ વિ.સં.૨૦૫૪ : ફાગણ સન ૧૯૯૮ : માર્ચ



ચર્તુભૂજ પાર્વતી – રાણીની વાવ (સોલંકીકાલ)
પાટણ

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

With Best Compliments

from

CHITRA
ELEVATORS



Mahipal Patel
Tushar Patel

Phone
741 35 31     743 36 90

Mobil
98250-15759

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્વ. માનસંગજી બારડ સ્મારક ટ્રસ્ટ
ટ્રસ્ટી-મંડળ
ડૉ. કે. કા. શાસ્ત્રી, ડૉ. ચિનુભાઈ નાયક, ડૉ. નાગજીભાઈ ભટ્ટી,
ડૉ. ભારતીબહેન શેલત, પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ

# પથિક

વર્ષ ૩૮ મું ] ફાગણ, સં. ૨૦૫૪ : માર્ચ, ૧૯૯૮ [ અંક ૬

## અનુક્રમ

'સત્તરમાં સૈકામાં સુરત' – ડૉ. કે. સી. બારોટ ૧

"કચ્છ ઈતિહાસ પરિષદ" – જયંતિગિરિ પી. ગોસ્વામી ૧૦

રત્નમણિરાવ જોટે : અને તેમનું ઈતિહાસ લેખનમાં પ્રદાન – પ્રા. અરૂણ વાઘેલા ૧૨

**ગ્રાહકોને વિનંતિ :**

લવાજમો મોકલતાં તેમજ અન્ય પત્રવ્યવહાર કરતાં પોતાનો ગ્રાહક નમ્બર અવશ્ય નોંધવો. ગ્રાહકનમ્બર નહિ મળતાં ઇન્ડેક્સ-સ્લિપો તેમજ કેટલીકવાર ગ્રાહક-નોંધપોથી તપાસતા ઘણું કષ્ટ પડે છે. આજીવન સહાયક તેમજ વાર્ષિક ગ્રાહકો બેઉ માટે આ વિનંતિ છે.

**લવાજમો :** વાર્ષિક ગ્રાહકોનાં ઘણાં લવજમો હજી બાકી છે. પોતાનું વર્ષ પૂરું થતાં જ લવાજમ મોકલી આપવું કે જેથી ગ્રાહક તરીકે ચાલુ રહેવા માગે છે કે નહિ એ સ્પષ્ટ થાય.

**વાર્ષિક લવાજમ રૂ. ૩૫/- પાત્રીસ : છૂટક નકલના રૂ.૪-૫૦ ટપાલ ખર્ચ સાથે : આજીવન સહાયકના રૂ. ૪૦૧/- લવાજમ માટે મ.ઓ. યા બેન્ક ડ્રાફટ 'પથિક કાર્યાલય'ના નામનો કઢાવી મોકલવો.**

## સૂચના

પથિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રસિદ્ધ થાય છે. પછીના ૧૫ દિવસમાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં લિખિત ફરિયાદ કરવી અને નકલ અમને મોકલવી.

પથિક સર્વોપયોગી વિચારભાવના અને જ્ઞાનનું માસિક છે. જીવનને ઊર્ધ્વગામી બનાવતાં અભ્યાસપૂર્ણ અને શિષ્ટ મૌલિક લખાણોને સ્વીકારવામાં આવે છે.

પ્રસિદ્ધ થઈ ગયેલી કૃતિને ફરી પ્રસિદ્ધ કરવા માટે ન મોકલવાની લેખકોએ કાળજી રાખવી.

કૃતિ સારા અક્ષરે શાહીથી અને કાગળની એક જ બાજુએ લખેલી હોવી જોઈએ. કૃતિમાં કોઈ અન્ય ભાષાનાં અવતરણ મૂક્યાં હોય તો એનો ગુજરાતી તરજૂમો આપવો જરૂરી છે.

કૃતિમાંના વિચારોની જવાબદારી લેખકની રહેશે.

પથિકમાં પ્રસિદ્ધ થતી કૃતિઓના વિચારો-અભિપ્રાયો સાથે તંત્રી સહમત છે એમ ન સમજવું.

અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા જરૂરી ટિકિટો આવી હશે તો તરત પરત કરાશે.

નમૂનાના અંકની નકલ માટે ૫-૦૦ ની ટિકિટો મોકલવી.

મ.ઓ.,ડ્રાફ્ટ-પત્રો માટે લખો :
**પથિક કાર્યાલય**
C/o. ભો. જે. વિદ્યાભવન,
આશ્રમ રોડ,
અમદાવાદ-૩૮૦૦૦૯
એ સ્થળે મોકલો.

પથિક કાર્યાલય વતી મુદ્રક પ્રકાશક : પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ, C/o. ભો. જે. વિદ્યાભવન, એચ. કે. કૉલેજના કેમ્પસમાં, આશ્રમ રોડ, અમદાવાદ-૯
મુદ્રણસ્થાન : કિશ્ના ગ્રાફિક્સ, ૯૬૬, નારણપુરા જૂના ગામ, અમદાવાદ-૩૮૦૦૧૩ ★ ફોન : ૭૪૮૪૩૯૩ . તા. ૧૫-૩-૯૮

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સત્તરમા સૈકામાં સુરત

ડૉ. કે. સી. બારોટ

**સુરતનો સ્થાપનાકાળ :**

ભારતવર્ષના ઇતિહાસમાં વિદેશ-વેપાર, ઉદ્યોગ, ધંધા તેમજ કલા- કારીગરીને ક્ષેત્રે અત્યંત પ્રસિદ્ધ એવાં કેન્દ્રોમાં સુરત સદીઓથી મોખરાનું સ્થાન ધરાવે છે. એક અગત્યના વેપારીમથક અને બંદર તરીકે સુરતની ગણના છેક મધ્યુગથી થતી આવી છે. ૧૪મા સૈકા પછી સુરતના જળ-સ્થળ માર્ગો દેશ વિદેશનાં અનેક મહત્ત્વપૂર્ણ મથકો સાથે સંકળાયેલ જણાય છે. વર્તમાન સુરતનાં સમીપવર્તી ગામો-કતારગામ, કામરેજ વગેરેનો ઉલ્લેખ તામ્રપત્રો વગેરેમાંથી પણ મળી રહે છે. તેને આધારે એ. બી. રેનલ જેવા વિદ્વાનો માને છે કે "તેરમી સદીની શરૂઆત સુધી સુરત એક નાનકડું હતું (એટલે કે) તેરમી સદીની પહેલી પચીસી પછીથી સુરત વિકસવા માંડ્યું હશે."[1] ઉપર્યુક્ત મતને સમર્થન મળી રહે તેવું મંતવ્ય ધરાવતાં ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી જણાવે છે કે "સુરતના જન્મપૂર્વે કંતારગામ (કંતારગામ) વડું મથક હતું. એની દક્ષિણે સોલંકી કાળના અંતમાં અથવા પ્રાયઃ સલ્તનતકાળના આરંભમાં (સુરત) વસ્યું લાગે છે." એ જ રીતે ગુજરાતના અગ્રગણ્ય પુરાતત્ત્વવિદ પ્રોફે. (ડૉ.) રમણલાલ નાગરજી મહેતા પણ ઉપર્યુક્ત મંતવ્યને મળતો મત આપતાં જણાવે છે કે "તાપી નદીના દક્ષિણ કિનારા પર વિકસેલ સુરતની આજુબાજુના ડુમસથી કામરેજ સુધીના પ્રદેશમાં જૂની માનવ-વસાહતો મળી આવેલ છે તેથી આ વિસ્તારનો લાંબો ઇતિહાસ હોવાનું સ્પષ્ટ થાય છે. (જોકે) માનવ-વસાહત ક્યારથી શરૂ થઈ એ પ્રશ્ન અનુત્તર છે, પરંતુ ઉપલબ્ધ પુરાવાઓને આધારે કહી શકાય કે સુરતની વસાહત તેરમી સદી પહેલાંની છે."[2] વાસ્તવમાં સુરતના ઇતિહાસની વ્યવસ્થિત જાણકારી આપણને પંદરમા સૈકાના પ્રથમ દશકથી મળે છે, પરંતુ વિવિધ વિદ્વાનો સુરત સાથે સંકળાયેલ દંતકથાઓને અનુલક્ષીને તેના ઇતિહાસને દસમા સૈકા સુધી લઈ જવા પ્રયત્ન કરે છે તે સ્તુત્ય નથી. ઈશુની દસમી સદીના ઉત્તરાર્ધમાં (ઈ.સ. ૯૭૦-૧૦૩૯) લખાયેલા 'જસયુત્તવારીખ'ના લેખક રશીરુદ્દીન ગુજરાતનાં સાગરકાંઠાનાં ગામોનો ઉલ્લેખ કરે છે તેમાં ભરૂચ અને દમનપુર બંદરો(નાં નામ)-છે, પણ સુરતનું નામ નથી.[3] ઈશુની અગિયારમી સદીના ઉત્તરાર્ધમાં અબુ-અબ્દુલ્લાહ-અલ ઇદ્રસીએ લખેલા' નુદઝાતુલ મુસ્તાક' નામના ગ્રંથમાં ગુજરાતનાં નગરોનાં નામો આપેલાં છે તેમાં આશાવલ, ધોળકા, સિદ્ધપુર, ભરૂચ, ખંભાત વગેરેનો ઉલ્લેખ છે, પણ સુરતનો ઉલ્લેખ નથી. એ જ રીતે ઈ.સ. ૧૨૬૧-૭૫ વચ્ચે ઝકરીયા-અલ-કાઝવીનીએ લખેલા 'આસારુલ બીલાદ' નામના ગ્રંથમાં અન્ય નામો છે, (પરંતુ) સુરતનું નામ નથી. વળી પ્રચલિત'રાસમાળા'ના રચયિતા એ.કે.ફાર્બસ પણ મૂળરાજ સોલંકીનું સૈન્ય ભરૂચ અને સૂર્યપુરથી પસાર થયાનું જણાવીને ઉક્ત સૂર્યપુરને વર્તમાન સુરત માની લે છે,[4] પરંતુ હરિપ્રસાદ શાસ્ત્રી જેવા કેટલાક વિદ્વાનો ફાર્બસના ઉક્ત અભિપ્રાયને માત્ર કાલ્પનિક જ માનીને સુરતને સલ્તનતકાળના આરંભમાં વસેલ જણાવી આ સૂર્યપુર વિષય વર્તમાન ગોધરા-લુણાવાડા વિસ્તારમાં આવેલો હતો[5] એમ માનો છે. ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના મંતવ્ય અનુસાર સલ્તનતકાળ દરમ્યાન સુરતની સ્થાપના થયાની વાત એટલા માટે સમજાય તેમ છે કે મોટા ભાગના પુરાવા કે અવશેષો ગુજરાતમાં સલ્તનતની સ્થાપના પછીનો સમય સુરત માટે નિર્દેશે છે. આમ જોવા જઈએ તો "સ્વતંત્ર ગુજરાતી સલ્તનતની પછી તુરત જ સુરતનો ઉલ્લેખ મળે છે. સુલ્તાન મુઝફ્ફરશાહ પ્રથમે (૧૪૦૭-'૧૦) સત્તાપ્રાપ્તિ પછી તુરત જ સુરત-રાંદેરના હાકેમ તરીકે તેના પુત્ર શેખ મલિક ઉર્ફે મસ્તીખાનને નીમ્યાનો ઉલ્લેખ 'મિરાતે સિકંદરી'ના રચયિતા સિકંદર-બિન-મુહમ્મદ ઉર્ફે મંજુએ કરેલ છે. સુલતાન સામેના આ વિદ્રોહમાં ભાગ લીધા પછી મોટે ભાગે મસ્તીખાનને સુરત-રાંદેરનું હાકેમપદ ગુમાવવું પડ્યું હોવાથી તેનો કોઈ જ ઉલ્લેખ પ્રાપ્ત થતો નથી.

★ અધ્યાપક, ઇતિહાસ વિભાગ, એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

**સુરતનું નામાભિધાનઃ**

સુરતની સ્થાપના અંગે જે રીતે વાદવિવાદ પ્રવર્તે છે તે જ રીતે એના નામાભિધાન અંગે પણ વિવિધ વિદ્વાનો વચ્ચે મત-મતાન્તરો જોવા મળે છે.

સુરતના નામાભિધાન અંગે પ્રા. ડૉ. રમણલાલ નાગરજી મહેતા જણાવે છે "વિક્રમની બીજી સહસ્રાબ્દીના પ્રથમ ચરણમાં સુરતનું અસ્તિત્વ સ્પષ્ટ રીતે સાબિત થાય છે. 'સુરત' શબ્દ પણ સંભવતઃ આ સ્થળની વસાહત સાથે વિકસેલ શબ્દ છે. ખંભાતની માફક સુરત પણ તે વખતની લોકભાષામાંથી આવ્યો હોય (એમ જણાય છે). તેની સંસ્કૃતનિષ્ઠ વ્યુત્પત્તિ સૂર્યપુર વગેરે શબ્દો પરથી થાય છે તે સુરત શબ્દનો છેલ્લો 'ત' બરાબર સમજાવતી નથી તેથી સુરત શબ્દનો 'સુર'પદાગ્ર સંભવતઃ તાપી નદીની સાથે સૂર્ય શબ્દના સંબંધથી હોય, તેથી 'સૂર'નું અર્થથી સૂરજનું ગામ એવો અર્થ આપે. સુરતના નામ સાથે આ રીતે સૂર્યનું નામ સંકળાયેલ હોવાથી માન્યતા વજૂદવાળી છે.[૭] આ તો થઇ નામની શાબ્દિક વ્યુત્પત્તિ, પરંતુ આલ્ફ્રેડ માસ્ટર જેવા કેટલાક વિદ્વાનો "કિલ્લેબંધ નગરનો અર્થ ધરાવતાં 'સુરત' કે 'પુરત' એવો અરબી-ફારસી મૂળની શબ્દશ્રુતિની સંકેત કરે છે, જ્યારે વિદ્વાન પ્રાધ્યાપક ડૉ. ભોગીલાલ સાંડેસરા સંસ્કૃત શબ્દ 'સૂર્યપુર' ઉપરથી 'સુરત' સ્હેજે વ્યુત્પન્ન થઇ શકે એમ માને છે. તેમના મતે સુરત નામ સૂર્યપુર-સૂરજપુર-સુરતપુર-એ પ્રમાણે વ્યુત્પન્ન થઇને સૂર્યપુર એટલે સૂર્યનું નગર (એમ અર્થ આપે છે) તેની સાથે જ રાનેર (રાંદેર) એટલે સૂર્યપત્ની રન્નાદેનું નગર અને તે બંનેની વચ્ચે સૂર્યકન્યા તપ્તી(તાપી) વહે છે. તેને કિનારે અશ્વિની-કુમારો એ સૂર્યના પુત્રો છે. પાસે જ આવેલ સાંધિયેર અને ઓખા ગામો 'સંધ્યા' અને 'ઉપાની' યાદ આપે છે."[૮] આ તો થઇ વર્તમાન વિદ્વાનોની વિવિધ માન્યતાઓ, પરંતુ ભૂતકાળનાં સાધનો પર થોડીક નજર કરીએ તો કવિ પદ્મનાભરચિત 'કાન્હડદે પ્રબંધ'માં સૂર્યનો ઉલ્લેખ 'સુરતિ' શબ્દથી મળે છે, જ્યારે સુરતના મલિક ગોપી વિશે લખાયેલ એક સંસ્કૃત કાવ્યમાં 'સૂર્યપુર' એવો ઉલ્લેખ છે. (એ જ રીતે) શોરિપુર,'શૌરિયપુર,' 'સોયાપુર'અને 'સૂર્યાપુર' જેવા શબ્દો જૈન ગ્રંથોમાં પણ મળે છે. જૈન અનુશ્રુતિ અનુસાર યાદવો દ્વારકામાં આવ્યા તે પહેલાં મથુરા પાસેના સૌરિપુર (વર્તમાન સૂરજપુર-જિલ્લો આગ્રા)માં રોકાયા હોવાનું માને છે છતાં પુરાણોમાં સૂર્યપુર જેવો શબ્દ ક્યાંય ઉપલબ્ધ નથી તેથી ડૉ. હરિવલ્લભ ભાયાણી જણાવે છે કે "સુરત'શબ્દ સૂર્યપુર ઉપરથી ન જ આવી શકે. એ નિરાધાર અટકળ જણાય છે. (આ અંગે) જૂનું રૂપ 'સુરત'હોવાનો મારો ખયાલ છે. કોઇ ફારસી નામ (જેમકે મલિક ગોપી પરથી ગોપીપુરા) કે શબ્દ (તેના) મૂળમાં હોય કદાચ.[૯] આમ વિવિધ વિદ્વાનોમાં સુરતના નામાભિધાન માટે વિવિધ મતમતાન્તરો પ્રવર્તે છે, પરંતુ સુરત શબ્દને 'સૂર્ય'સાથે પ્રથમ દ્દષ્ટિએ સંબંધ હોવાનો ભ્રમ જરૂર ઉત્પન્ન થતો હોવાનું કબૂલવું રહ્યું.

**સુરતના સંસ્થાપક :**

સુરતના નામાભિધાન અંગે વિવિધ મતમતાન્તરો તપાસ્યા પછી એની સ્થાપના કોણે કરી એ પ્રશ્ન સહજ રીતે જ થતો હોઇ અત્રે તેના સંસ્થાપક અંગે ચર્ચા કરીશું. ઇતિહાસના વિશાળ ફલક પર દૃષ્ટિપાત કરીએ તો જણાય છે કે ઇશુના તેરમા સૈકામાં વાઘેલા વંશના અંતિમ રાજવીઓના સમયે કાશ્મીર, બિહાર, ઉત્તરપ્રદેશ, ખાનદેશ, મધ્યપ્રદેશ તેમજ રાજસ્થાન વગેરે પ્રદેશોમાં મુખ્ય નગરોમાં નાગર ગૃહસ્થો મુખ્ય સ્થાનો પર ગોઠવાઇ ચૂક્યા હતા. આવો એક નાગર રામ વડનગરથી કે કોઇ અન્ય સ્થળેથી ઇશુની દસમી સદીના પ્રારંભમાં દક્ષિણે ગુજરાતમાં આવ્યો અને લાટના રાજાની સેવામાં મંત્રી -પદે પહોંચ્યો તેણે વર્તમાન શહેર છે તે ભૂમિ પર સુરત વસાવ્યું,[૧૦] તેનો વંશજ મલિક ગોપી ગર્ભશ્રીમંત અને મહાપ્રતાપી હોવાથી જ્યારે હિંદુઓને રાજ્યમાં ઊંચા પદે નિયુક્તિ મળતી નહીં ત્યારે પોતાની બુદ્ધિપ્રતિભા અને કુશળતાને લીધે તેણે રાજ્યમાં મોખરાનું સ્થાન તેમજ પુષ્કળ સંપત્તિ મેળવ્યાં. સુલતાન મહમૂદ બેગડાના શાસન ટાણે આ ગોપીનાથ પ્રકાશમાં આવ્યો અને અંતિમ વર્ષોમાં મંત્રીપદે પહોંચીને મલિકનો ખિતાબ કે જે માત્ર મુસલમાનોને કે ધર્મપરિવર્તન કરેલ સરદારને જ મળતો તે મેળવ્યો. મલેક ગોપીની દૂરંદેશિતા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેની પોર્ટુગીઝો સાથેની મૈત્રીથી જણાય આવે છે. ઇ.સ.૧૫૧૪ માં પોર્ટુગીઝ ગવર્નર આલ્બુકર્કે પોતાના પ્રતિનિધિ સુલતાન પાસે મોકલ્યા ત્યારે તેઓ સુરતમાં ગોપીનાથભાઈ મુકુન્દ ઉર્ફે મિયાંબાબુની હવેલીમાં ઉતરેલા. સુરતના વિકાસ માટે એણે પૂરતો પ્રયત્ન કરેલ જણાય છે. તેણે ગોપીપુરા નામનું પરું વસાવી, ત્યાં સુંદર મકાનો બંધાવી શ્રીમંત પ્રજાજનોને ત્યાં વસાવ્યા. અહીં તેણે પોતાના નામ પરથી બંધાવેલ ગોપીતળાવ અને પોતાની પત્નીના નામ પરથી બંધાવેલ રાણીતળાવ અંગે સર ટૉમસ રો(ઇસ.૧૬૧૬) આ અંગે વિસ્તૃત રીતે નોંધે છે કે "આ તળાવને સોળ ખૂણાઓ છે. તેની દરેક બાજુ સો કદમ જેટલી લાંબી છે. તેના તળિયામાં ફરસ બાંધેલ છે અને કાંઠથી પાણીમાં ઊતરવા ચારે તરફ પગથિયાં છે. તળાવની મધ્યમાં એક નાનો દ્વીપ છે તેની વચમાં વારિગૃહ છે. આ તળાવમાં સીમનું પાણી એક મોટી નહેર દ્વારા લાવી ભરવામાં આવે છે. નહેર ઉપર પુલ બાંધવામાં આવ્યો છે."[११] આવી જ એક નોંધ બીજા વિદેશી ડૉ.જ્હોન ફ્રાયર (ઈ.સ. ૧૬૭૫)ની છે તેમાં આ તળાવના એક માઇલના ઘેરાવા તથા પાળ પર કરાવવામાં આવતા બેથી ત્રણ લાખ દીવાઓ અંગે નોંધ કરવામાં આવેલ છે. આમ મલેક ગોપીએ તત્કાલીન સમયે અત્યંત કપરા કાળમાં સુરતની ઘણી મોટી સેવા કરેલ છે. તેણે સુરતને સુશોભિત કરી, ગુજરાતના આપખૂદ અને જુલ્મી સુલ્તાનો પર નિયંત્રણ મૂકવા પોર્ટુગીઝોનો સાથ મેળવી રાજકીય ચાતુર્યનો પરિચય કરાવેલ છે. આ રીતે સુરતની સ્થાપના અંગેના વિવિધ મતો તેમજ તેની સ્થાપના અને વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભાગ ભજવનાર મલેક ગોપી વિશે પૂરતી માહિતી ઉપલબ્ધ છે.

**રાજકીયક્ષેત્રે સત્તરમા સૈકાનું સુરત :**

સત્તરમા સૈકાના પ્રારંભિક દશક દરમ્યાન સુરતમાં વિવિધ ક્ષેત્રે બનેલ મહત્ત્વપૂર્ણ બનાવોએ માત્ર સુરત તથા ગુજરાતના જ નહીં, પણ સમગ્ર ભારતનાં રાજકીય તેમજ આર્થિક પાસાં પર અમીટ છાપ પાડી છે. ઈ.સ.૧૬૦૫માં મહાન મુઘલ સમ્રાટ અકબરનું અવસાન થતાં જહાંગીર સત્તાસ્થાને આવ્યો તેણે ગુજરાતના સંચાલનમાં કેટલાક જરૂરી ફેરફાર કર્યા. આ સમયે સુરતનું બંદર દેશ-વિદેશમાં અત્યંત પ્રચલિત થઇ ચૂક્યું હતું. વાસ્તવમાં સુરતના રાજકીય તેમજ વેપારી મહત્ત્વનો અંદાજ મેળવી ચૂકેલા મુસ્લિમ શાસકોએ તેના વિકાસ તરફ વિશેષ લક્ષ આપી તેની સલામતીની પણ પૂરતી કાળજી લીધી હતી. સુલતાન બહાદુરશાહે ફિરંગીઓના અવારનવાર થતા હુમલાઓ અને હેરાનગતથી સુરતનું રક્ષણ કરવા કાયમી સૈન્ય-પ્રબંધ કર્યો હતો. સુલતાન મહેમૂદશાહ ત્રીજાએ સુરતના હાકેમ 'ખુદાવંદખાન'ના સમયે સુરતમાં નદીકિનારે અત્યંત મજબૂત કિલ્લો બંધાવી, સુરત બંદરને સ્થાપી સલામતી બક્ષી હતી (ઈ.સ.૧૫૪૦-૪૧). ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી નોંધે છે કે 'ગુજરાતનાં બંદરોમાં જેમ ખંભાત સોલંકીકાળમાં વિકસ્યું ને સલ્તનત કાળમાં દેશવિદેશમાં મશહૂર થયું તેમ સુરત સલ્તનતકાળમાં વિકસ્યું ને મુઘલકાળમાં 'બંદર મુબારક'તરીકે ખ્યાતિ પામ્યું."[१२]

ત્યારબાદ મિર્ઝાઓને નિયંત્રણમાં લેવાના આશયથી સમ્રાટ અકબરે સુરત પર ચઢાઇ કરી (ઈ.સ.૧૫૭૩), કિલ્લો કબજે કરી, બંદરના સ્થાયી વહીવટ માટે મુત્સદ્દી(હાકેમ)ની નિયુક્તિ કરી મકકાની હજનો માર્ગ ખુલ્લો કર્યો. ઈ.સ. ૧૬૦૫માં સમ્રાટ અકબરનું અવસાન થતાં જહાંગીર સત્તાસ્થાને આવ્યો તેણે ગુજરાતના સંચાલનમાં કેટલાક જરૂરી ફેરફાર કર્યા. સુરતનું રાજકીય અને આર્થિક મહત્ત્વ પિછાણીને તે માટે વિશેષ કાળજી લીધી. આ અરસામાં ઈંગ્લેન્ડની 'ઇસ્ટ ઇન્ડિયા કંપની'ના પ્રતિનિધિ વિલિયમ હોકિન્સે સુરત બંદર પાસે પોતાનું વહાણ લાંગર્યું (ઈ.સ. ૧૬૦૮). સુરતના વિશેષ મહત્ત્વને ઓળખી ગયેલા અંગ્રેજોએ સર ટૉમસ રોની મદદથી કંપનીની કોઠી ત્યાં સ્થાપવાની ખાસ પરવાનગી મેળવી લીધી(ઈ.સ.૧૬૧૩) અને થોડાક સમયમાં જ ભરૂચ, અમદાવાદ અને આગ્રા જેવાં ભારતમાં અન્ય વેપારી મથકો (કોઠીઓ) કંપનીએ સુરતની સત્તા નીચે મૂકી દીધાં (ઈ.સ. ૧૬૧૮-૧૯). ત્યારબાદ સુરતની મદદથી ઇરાન સહિત અનેક વિદેશી વેપારી મથકો સાથે વેપાર વિકસાવ્યો. યુરોપની અન્ય પ્રજાઓ ડચ-પોર્ટુગીઝ વગેરેએ પણ સુરત પર પોતાનું વર્ચસ સ્થાપવા કરેલા અગણિત પ્રયત્નો અને કાવા-દાવા જોતાં સત્તરમા સૈકામાં સુરતનું સાર્વત્રિક મહત્ત્વ કેટલું હતું તેનો અંદાજ આવ્યા વિના રહેતો નથી.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મુઘલ બાદશાહ શાહજહાંએ જહાંગીર સામે વારસાઈને પ્રશ્ને કરેલ વિદ્રોહને લીધે દિલ્હી નજીક (બલુચપુર મુકામે) થયેલા યુદ્ધમાં શાહી લશ્કરનો વિજય થયો (માર્ચ ૧૬૨૩), પરંતુ ગુજરાતનો સૂબો વિક્રમજિતસિંહ એમાં માર્યો જતાં જહાંગીરે પંદર વર્ષના શાહજાદા દાવરબક્ષને ગુજરાતના સૂબાપદે નિયુક્ત કર્યો (મે, ૧૬૨૩). બાહોશ દીવાન સફીખાને બળવાખોરોને કેદ પકડી વિદ્રોહ દબાવી દીધો. તે અરસામાં શાહજાદા ખુર્રમે પિતાના અવસાનના સમાચાર જાણી આગ્રા જવા રવાના થતાં સમૃદ્ધ સુરતનો કબજો લઇ નાણાં એકત્રિત કર્યાં (ડિસે. ૧૬૨૭) હોવાની માહિતી બતાવી આપે છે કે સુરત કેટલું સમૃદ્ધ અને મહત્ત્વપૂર્ણ હતું.

ત્યાર બાદજઈ.સ.૧૬૩૦-૩૨ નાં વર્ષોમાં સુરત ગુજરાત તેમજ મોટા ભાગના હિંદ પર પહેલા 'સત્યાસિયા દુકાળે' ઘણી મોટી તબાહી મચાવી હોવાથી રાજકીય પ્રવાહો પ્રમાણમાં હળવા બન્યા. દુષ્કાળનો પ્રભાવ એટલો વિશેષ હતો કે મોટા ભાગનું જનજીવન એનાથી ખોરંભાઈ ગયું. દેશ-વિદેશના વિવિધ વિદ્વાનો અને લેખકોએ એની નોંધ લીધી છે. 'મિરાતે-એહમદી'માં નોંધવામાં આવ્યું છે કે ''લોકો એક રોટલાના બદલામાં જાત વેચવા તૈયાર થતા, પણ કોઇ જ ખરીદનાર નહતું. કોઇ પકડીને ખાઇ જશે એ બીકે કોઇ જ બહાર નીકળતું નહીં. આ દુકાળે ભૂતકાળની મરકી અને ભીષણ દુકાળને પણ ભુલાવી દીધાં. બાદશાહના હુકમથી સુરત અમદાવાદ અને બુરહાનપુરમાં રસોડાં શરૂ કરાયાં, પરંતુ એ વખતના સુરતના ગવર્નર મીર સુસાએ કોઇ ખાસ પ્રયત્ન કર્યો નહીં.[૧૭]

ત્યારપછીના સુરતના ઇતિહાસમાં સૌથી વધુ ધ્યાન ખેંચે એવો રાજકીય કોઇ બનાવ હોય તો તે એ શિવાજીની સુરતની લૂંટ. વાસ્તવમાં સત્તરમા સૈકામાં સુરતના ઇતિહાસમાં બનેલ અત્યંત મહત્ત્વપૂર્ણ બનાવ તરીકે તેની ગણના થાય છે. શિવાજીએ સુરતની સમૃદ્ધિ વિશે ઘણી માહિતી મેળવી હતી. મુઘલ શાસકો સાથે ચાલતા એમના અવિરત સંઘર્ષમાં જોઇતાં નાણાં મેળવવાના આશયથી એણે ઈ.સ. ૧૬૬૪ અને ૧૬૭૦ માં કુલ બે વખત સુરતને લૂટ્યું હતું. સુરત મુઘલો ઉપરાંત પાર્ટુગીઝ - ડચ- અંગ્રેજ પ્રજાઓ માટે પણ મહ-ત્વપૂર્ણ વેપારી મથક હતું. સુરતના બંદર દ્વારા વિદેશો સાથેનો દરિયાઇ વેપાર તથા મક્કા-મદીનાની હજયાત્રા વગેરેની સગવડને અનુલક્ષીને સમૃદ્ધ વેપારીઓ તેમજ યાત્રિકોનાં ટોળેટોળાં સુરતમાં જોવા મળતાં. એના લીધે વિશાળ બજાર અને નાણાંની રેલમછેલ ધરાવતું સુરત શિવાજીને લૂંટ કરવા લલચાવતું હતું. વળી તેના રક્ષણ માટે સબળ અને સામૂહિક કોઇ બંદોબસ્ત ન હતો. દરેક પોતપોતાના વ્યક્તિગત રક્ષણનું ધ્યાન રાખતા હતા. પરિણામે શહેર અને બંદરને સુરક્ષિત રાખતો કિલ્લો દેખભાળ અને રક્ષણની સગવડના અભાવે જીર્ણ-શીર્ણ બની ચૂકયો હતો અને બચાવ માટે અપૂરતો હતો. એ જ રીતે બચાવ માટે પૂરતું સૈન્ય પણ શહેરમાં હાજર ન હોવાથી જાન્યુ-૧૬૬૪ માં પ્રથમ વખતના હુમલામાં શિવાજીએ સુરતના ખ્યાતનામ વેપારી વીરજી વોરા, હાજી ઝહીરબેગ અને હાજી કાસિમને પોતાનું લક્ષ્ય બનાવી તેમને પોતાની સમક્ષ હાજર થવા કહેણ મોકલ્યું, પરંતુ તેમ ન થતાં શિવાજીએ સમગ્ર શહેરને લૂંટયું, ઉપર્યુકત સમૃદ્ધ વેપારીઓને પણ લૂંટી લીધા. આ લૂંટમાં એણે લગભગ ત્રણ લાખ પાઉન્ડની કિમતનું ઝવેરાત, હીરામોતી તથા સોનુ-ચાંદી તેમજ અન્ય કિંમતી વસ્તુઓ કબજે કરી ને પછી ઝડપથી સુરત છોડી ચાલ્યો ગયો.

ત્યારબાદ શિવાજીએ બીજી વારની લૂંટ ઈ.સ. ૧૬૭૦માં (માત્ર છ વર્ષ પછી જ) કરી. સુરતના મુત્સદ્દી (હાકેમ) પદે મુઝ્ઝરખાનની નિમણૂક તાજેતરમાં જ કરવામાં આવી હોવાથી હજુ સૂરતથી પૂરો વાકેફ બનતાં પહેલાં તેને શિવાજીની લૂંટનો ભોગ બનવું પડ્યું. આ વખતે શિવાજીએ ત્રીજી ઓકટોબર ૧૬૭૦ થી ત્રણ દિવસ સુધી સમગ્ર શહેરને લૂંટયું. અંગ્રેજો અને બીજા વિદેશી વેપારીઓએ કિંમતી ભેટ સોગાદો આપીને પોતાની મિલકતો તેમ માણસોને આ લૂટનો ભોગ બનતાં અટકાવ્યા. શિવાજીએ પણ બંને ચડાઇઓ વખતે અંગ્રેજ, ડચ તથા ફ્રેચ પ્રજાને લૂંટી નહિ કે તેમની સાથે સઘર્ષ કરેલ નહીં. આ પરથી અનુમાન થઇ શકે કે મુઘલો સાથે વેર હતું, વિદેશીઓ સાથે નહીં. જયારે બીજી લૂંટ પછી સુરતને આવી લૂંટમાંથી દર વર્ષે બચાવવું હોય તો પ્રતિવર્ષ બાર લાખ રૂપિયા ચૂકવી દેવા અથવા લૂંટ માટે તૈયાર રહેવા શહેરના સત્તાવાળાઓને ધમકી પણ આપી. આમ બે વખતની લૂંટથી સુરત



For Private and Personal Use Only

લગભગ નષ્ટ થઈ ગયું, તેના વેપાર-ધંધા પર ભારે અસર થઈ. તેની રાજકીય અવ્યવસ્થા તથા નિર્બળતા ખુલ્લી પડી જવા પામી. પરિણામે વિદેશી વેપારીઓએ હવે વધુ સલામત અને સારા વેપારી મથકની શોધ કરવા માંડી. આના અનુસંધાનમાં અંગ્રેજોએ પોતાના મુખ્ય વેપારી મથક તરીકે મુંબઈને પસંદ કર્યું (ઈ.સ. ૧૬૮૭). આ બધાંને લીધે વેપાર-ઉદ્યોગ અને લોકોની અવરજવરથી સતત ધમધમતા સુરત તેમજ સુંવાળીની ખાડી જેવાં મથકો હવે સૂમસામ થઈ ગયાં. સમય જતાં સુંવાળીની ખાડી પુરાઈ ગઈ. આ ઉપરાંત ધર્મઝનૂની ઔરંગઝેબની ભેદભાવ અને અન્યાય-યુક્ત અસહિષ્ણુ નીતિને લીધે સુરતની આમજનતા તથા વેપારી વર્ગમાં અસંતોષ વ્યાપક બનતાં અગ્રગણ્ય વેપારીઓ હવે મુંબઈ તરફ વળ્યા; જોકે તે પછી મહંમદબેગખાન નામના મુત્સદ્દીના સમયે (ઈસ. ૧૬૭૯) જૂના સુરત શહેરને ફરતે કિલ્લો બંધાવીને તેને મજબૂત તથા સુરક્ષિત બનાવવા પ્રયત્ન કરવામાં આવ્યો. સત્તરમા સૈકાના અંતભાગમાં ફરી આવો કોઈ મોટો બનાવ ન બનતાં સુરતે પોતાની જાહોજલાલી પુનઃ પ્રાપ્ત કરી હોવાની જાણ આપણને ઓવિંગ્ટન નામના અંગ્રેજ પાદરી(ઈ.સ. ૧૬૮૯-૯૨)ની નોંધ પરથી થાય છે. તત્કાલીન સુરત વિશે તે નોંધે છે કે "સુરત જાણેકે સમસ્ત હિંદનું એક ભવ્ય સંગ્રહસ્થાન છે. તમામ તરેહનો માલ અહીં મળે છે. માલ આયાત કરવા માટે નદી વિશાળ છે અને વહાણોમાં માલ સરળતાથી અને ઝડપથી લાવી શકાય છે. યુરોપ, ચીન, ઈરાન, બટેવિયા અને હિંદના બંદરે બંદરથી માલ સુરતના બજારમાં આવે છે." આ નોંધ પરથી સ્પષ્ટપણે જણાઈ આવે છે કે ઈ.સ.૧૬૬૪ અને ૧૬૭૦ ની શિવાજીની લૂંટ તથા અન્ય વિદેશી આક્રમણો, દરિયાઈ ચાંચિયાગીરી, વિધર્મીઓનાં આક્રમણો અને અત્યાચાર, રોગચાળા, તાપીની વિનાશક જળરેલો વગેરે સહન કરતું સુરત થોડા સમયના અંતરે જે-તે આઘાત ખંખેરીને પુનઃ ધમધમતું બની ગયુ એ બાબત તેની અવિરત સંઘર્ષમય રહેવાની તાસીર દર્શાવે છે.

**સત્તરમા સૈકામાં સુરતની આર્થિક સમૃદ્ધિ :**

વેપાર-વાણિજ્ય, ઉદ્યોગ-ધંધા અને હુન્નર-કલાક્ષેત્રે દેશ-વિદેશ સાથે સંપર્કમાં આવવાથી આવેલ વૈવિધ્ય અને સંપન્નતાને લીધે સદીઓથી સુરત અત્યંત પ્રચલિત રહ્યું છે. મલેક ગોપી, વીરજી વોરા, હરિ વૈશ્ય, હાજી મહંમદ ઝાહીદબેગ, મીરઝાફર, રુસ્તમજી માણેકજી, તાપીદાસ પારેખ, ભીમજી પારેખ, મોહનદાસ પારેખ, તુલસીદાસ પારેખ, જાડુ શેઠ, સોમજી છીતા, છોટા ઠાકુર તેમજ બેનીદાસ જેવા શ્રીમંત શેઠ શાહુકારો તથા વેપારીઓ સુરતની સમૃદ્ધિ વધારવામાં અત્યંત ઉપયોગી નીવડ્યા છે. માટે જ ફ્રેંચ પ્રવાસી થેવેનો (ઈ.સ. ૧૬૬૬) સુરતની પોતાની મુલાકાતથી પ્રભાવિત થઈ નોંધે છે કે "શહેરમાં અનેક લક્ષાધિપતિઓ હતા." ફ્રેંચ મુસાફરની ઉપર્યુક્ત નોંધને સમર્થન આપતાં એના સમકાલીન બીજા એક વિદેશી પ્રવાસી ફાધર મેન્યુએલ ગોડિનો (ઈ.સ.૧૬૬૩) પણ આ અંગે જણાવે છે કે "સુરત ભારતનું સૌથી મોટું વેપારી મથક છે અને કદાચ જગતભરમાં સૌથી વધુ ધનસંપન્ન છે, કારણ અહીં પસંદગીનો માલસામાન સમુદ્ર અને ભૂમિમાર્ગે આવે છે. સમગ્ર વર્ષ દરમ્યાન સુરતમાં ચીન, મલક્કા, કાસાર, મલુકા, જકાર્તા, માલદીવ, બંગાળ, તેનાસરીમ, સિલોન, કોચીન, કાનાનૂર, કાલિકટ, મક્કા, એડન, એઝ, મસ્કત, માડાગાસ્કર, હોરમઝ, બસરા, સિંદ, ઈંગ્લેન્ડથી–ટૂંકમાં, જગતના બધા જ વિસ્તારોમાંથી વહાણો આવે છે."[૧૪] વિદેશી પ્રવાસીઓની ઉપર્યુક્ત નોંધો સુરતની આર્થિક સમૃદ્ધિની સાક્ષી પૂરે છે.

વાસ્તવમાં પોતાના ભૌગોલિક સ્થાનને કારણે સુરત વેપાર-ઉદ્યોગ તેમજ કલા-કારીગરીને ક્ષેત્રે અત્યંત પ્રચલિત બનેલ છે. પારસી, પોર્ટુગીઝ, ડચ તેમજ અંગ્રેજ પ્રજાએ પોતપોતાની વિવિધ કલાચૂઝ તથા વેપાર-ઉદ્યોગને લગતી આવડતનું આદાન-પ્રદાન કરીને સમૃદ્ધિ મેળવેલ છે. આ તમામ પ્રવૃત્તિઓના મુખ્ય કેન્દ્ર તરીકે સુરત હોવાથી તેનો અદ્ભુત લાભ ઉઠાવી શકવાની સુરતને તક મળેલ જણાય છે; જેમકે જરીઉદ્યોગમાં પ્રચલિત બનેલ સુરતે આ કલા ફ્રેંચ પ્રજા પાસેથી શીખીને તેને એટલી હદે આત્મસાત્ કરી હતી કે ફ્રાંસ પછી ભારતનું નામ દ્વિતીય ક્રમે આવે. તે માટે સુરતને જ યશ આપવો રહ્યો. આ ઉપરાંત સુતરાઉ, રેશમી, જરી-કસબવાળું, સાટીન તેમજ મલમલના કાપડની દેશવિદેશોમાં ઘણી મોટી જરૂરિયાત (માંગ) હતી. કાપડ પર સોનાચાંદીના તારથી જરીના ભરત-બુટ્ટા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભરવાનો હુન્નર-ઉદ્યોગ સુરતમાં વિકસ્યો હતો. આ ઉપરાંત આકર્ષક રાચરચીલું તથા સુરતના જહાજવાડામાં, દરિયામાં બનતાં જહાજો-વહાણો અંગે ઓવિંગ્ટન નામનો અંગ્રેજ પાદરી મુસાફર (૧૬૮૯-૯૨) પણ જણાવે છે કે "(સુરતના) વહાણ બાંધનારા સુથારો ઘણા હોશિયાર છે. એમાં તેઓ એવું ઊંચા પ્રકારનુ લાકડું વાપરે છે કે એમાં બંદૂકની ગોળીથી તિરાડ સરખી પડતી નથી." આ લેખકની નોંધમાં આગળ ઉપર સુરતના વેપાર-ધંધાની વિગતે માહિતી મળી રહે છે. તે નોંધે છે કે "અતલસ, કિનખાબ, રેશમી કાપડ, ટાફેટા, સાટીન, જરી,ગજી વગેરે માટે સુરત મશહૂર છે. હીરા, માણેક, મોતી વગેરે ઝવેરાતનો તેમજ ફર્નિચરનો (અહીં) મોટો વેપાર ચાલે છે. અહીં ચોખ્ખુ સોનું મળે છે, (અહીંની) ચાંદીનું મૂલ્ય ઊંચુ અંકાય છે. અહીં સોનાના અને ચાંદીના સિક્કા ચાલે છે, દિલ્હી, આગ્રા, ભરૂચ, અમદાવાદ વગેરે શહેરોનો તેમજ દુનિયાના ઘણા દેશોનો માલ અહીં આવે છે. આર્મેનિયનો, ઇરાનીઓ (પારસીઓ), અરબો, તુર્કો અને યુરોપિયનો એ બધા માલનો ભારે વેપાર ખેડે છે. અહીંના કારીગરો કંઈક નવું જુએ તો તેની નકલ કરવામાં પાવરધા છે. કાપડનું કામ તો દુનિયામાં કયાંય ન થાય એવું સુરતમાં થાય છે. લાખનું કામ અહીંનું વખણાય છે."[૧૬]

આમ જરીકામ અને કાપડઉદ્યોગ ઉપરાંત એક ધીકતા બંદર તરીકે સુરત ૩૫૦ થી વધુ વર્ષોથી જાણીતું છે. અહીંના કિનારાના પ્રદેશોમાં જાણીતાં બંદરો હતાં. સંજાણ પણ આવું જ એક જાણીતું બંદર હતું. અહીંથી આરબ દેશોમાં નીકાસ થતી.[૧૭] આપણે જાણીએ જ છીએ કે આ બંદરેથી આવીને પારસીઓ ગુજરાતની પ્રજા સાથે 'દૂધમાં સાકર ભળે તેમ' ભળી જઈને દેશના સાર્વત્રિક વિકાસનો એક ભાગ બની ગયા. એ જ રીતે અંગ્રેજોએ સુરતનુ મહત્ત્વ સમજીને ત્યા પોતાની વેપારી કોઠી સ્થાપી, દૂરના દેશો સાથેનો વેપાર વિકસાવ્યો. પોર્ટુગીઝ પ્રજાએ આ હેતુસર સુરતમા વેપારી મથક સ્થાપી. યુરોપના મોટા ભાગના વેપારી વહાણો સુરત-સુંવાળી બંદરે નંગરતા સુરતના વેપારી અહી છીંટ, ચિનાઈ માટીનાં વાસણો, ચિનાઈ સાટીન, હાથીદાંત અને તેની વસ્તુઓ, મોતીની છીપો, અકીક, ચોખા અને કેળાં વેચતા. સુરતના વેપારી હૂંડી લખી શક્તા અને વહાણના જોખમ માટે વીમા પણ ઉતારતા, સુરતથી સુતરાઉ કાપડ, ગળી, સુરોખાર, પીપર, મરી, લાખ, ગાલીચા, સૂતર, હીંગળોકી અને ખાંડ વગેરેની નિકાસ થતી અને કલાઈ, પારો, પરવાળાં, સીસું, સોના-ચાંદીના તારના ભરતકામની આયાત કરતા.આ લેખકે આગળ જતાં નોધ્યું છે કે "સુરતનો ખુશ્કીવેપાર દેશમાં, ગુજરાતનાં શહેરો ઉપરાંત, ગોવલકોંડા, બુરહાપુર, આગ્રા, દિલ્હી અને લાહોર સુધી ચાલતો. અહીં કોંકણ, મલબાર, મદ્રાસ, શ્રીલંકા, સુમાત્રા,ઈરાન, અરબસ્તાન અને આફ્રિકાનાં વહાણોના વાવટા ફરકતા. પરદેશમાં સુરત બંદરના ઘઉંની ઘણી માંગ રહેતી. સુરતનુ બંદર ગળીના વેપારમાં મોખેરે હતું. શહેરની સાંકડી શહેરીઓમાં વાહણની ભારે ભીડ રહેતી. વખારોમાં માલનો ભરાવો રહેતો.....રૂની ભરેલી રજાઇઓ, ભાતીગળ શેતરંજીઓ, સુંદર પલંગો, છીપો જડેલાં ટેબલો, ચાંદીની શોભાવાળી ચામડાની ઢાલો, વગેરેની નિકાસ થતી અને તલવાર, ચપ્પુ, ચશમાં, અરીસા, ગુલાબજળ,મરીમસાલા, ઊનનું કાપડ, કોફી વગેરેની આયાત થતી. અહીંની પેઢીઓ જાવાનાં બંદરોમાં શાખાઓ રાખતી. મુસલમાન વેપારીઓ ઓખા તરફનાં બંદરો સાથે વેપાર ખેડતા. સુરતની ટંકશાળ મુઘલ સામ્રાજ્યમાં મહત્ત્વનુ સ્થાન ધરાવતી. સપ્ટે.થી અહીં અંગ્રેજો, વલંદાઓ, તુર્કો, યહૂદીઓ, આરબો, તાતાનાર, આરમેનિયન અને ઇરાની સોદાગરોની ભીડ જામતી. મક્કાની હજ અંગેની અવરજવર પણ થતી.નવેમ્બરથી એપ્રિલની મોસમમાં શહેરોનાં પરાંઓમાંય રહેવામાં મકાન મળતું નહિ."[૧૮] આમ સુરત બંદર સતત વેપારી પ્રવૃત્તિઓથી ઊભરાતું રહેતું.

શાહજહાંના સમયે સુરતના બંદરની આવક સાડા અગિયાર લાખ જેટલી હતી. ફ્રેંચ પ્રવાસી ટેવર્નિયાં (ઈ.સ.૧૬૪૦-૪૧-૫૩) સુરત આવ્યો ત્યારે વેપારી મથક તરીકે તે અતિ સમૃદ્ધ હતું. સુરતની આટલી સમૃદ્ધિ અને કીર્તિ માટે તેની સ્થાપનાના પ્રારંભિક તબક્કામાં -સંભવતઃ સ્થાપક રામ મંત્રીના વંશજ ગોપીનાથે મોટો ફાળો આપેલ છે. એ જ રીતે સત્તરમા સૈકામાં સુરતમાં વેપાર- વાણિજ્ય અને આર્થિક વિકાસમાં વીરજી વોરા દેશભરમાં અગ્રિમ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્થાન ધરાવતો હતો. તેના એજન્ટો કાલીકટ, ગોવા, બુરહાનપુર, આગ્રા, ગણદેવી, નવસારી, વડોદરા, અમદાવાદ વગેરે મથકોએ હતા. વિદેશોમાં પણ એનો ધીકતો વેપાર હતો. એના પ્રભાવને લીધે અંગ્રેજ વેપારીઓ પોતાના માલની નિયમિત હેરફેર અટકાવીને પણ તેના માલની હેરફેર નૂર લીધા વગર જ કરી આપતા. ઈ.સ.૧૬૨૫માં તે સુરતનો એક માત્ર સર્વોચ્ચ વેપારી હતો, તેથી અંગ્રેજોને વીરજી વોરાની શરતે અને કિંમતે માલ વેચવો પડતો. તેજાના-ગરમ મશાલાના વેપારમાં તેની ઇજારાશાહી હતી. મરી, લવિંગ, જાયફળ, જાવંત્રીનો તમામ જથ્થો ખરીદ કરીને માત્ર સુરતમાં જ નહિ, પણ અન્ય સ્થળે મનફાવે તે ભાવે વેચતો.

ઈ.સ.૧૬૨૯માં એણે ૨,૦૪,૦૦૦-નાં મરી અંગ્રેજોને વેચ્યાં. ઈ.સ.૧૬૪૮માં તેણે ૨૭ રૂપિયાના નફાથી લવિંગ ડચ વેપારીઓને વેચ્યાં હતાં. ઈ.સ. ૧૬૪૯માં જાયફળ-જાવંત્રીનો મોટો જથ્થો ખરીદ કરી કાલીકટથી આગ્રા સુધીના વિસ્તારમાં પોતાની ઇજારાશાહી ઊભી કરી હતી."[૧૯]

આ ઉપરાંત સોનું,ચાંદી. પારો, પરવાળાં, હાથીદાંત અને કાપડનો પણ તેનો ઘણો મોટો વેપાર હતો ઉપર્યુક્ત આંકડા સત્તરમા સૈકાના હોવાથી વર્તમાન સમયના રુપિયામાં તેનુ રૂપાંતર કરતાં વીરજી વોરાના વેપારનો વ્યાપ સમજાય છે. તેની કુલ સંપત્તિ એ વખતના કોઈ પણ ભારતીય વેપારી કરતાં (રૂપિયા પાંચ કરોડ) વધુ આંકવામાં આવે છે. અંગ્રેજોને પણ તે વ્યાજે નાણાં ધીરતો, માટે જ ઈ.સ.૧૬૨૪ માં વીરજી વોરાના નેતૃત્વ હેઠળના મહાજનની દરમ્યાનગીરીથી અંગ્રેજો અને મુઘલ સત્તા વચ્ચે સમજૂતી થઇ."[૨૦] એ જ રીતે તેની આર્થિક સમૃદ્ધિનો ખ્યાલ આપણને શિવાજીએ તેને લૂંટી લીધો તે પછી માત્ર દસ માસમાં ફરી તે પૂર્વવત્ વેપાર કરતો થઇ ગયો તે પરથી આવે છે. બીજા આવા જ એક પારસી સજ્જન રુસ્તમ માણેકનુ નામ સુરતના વગદાર માણસોમાં અગ્રતાક્રમે છે. તે અંગ્રેજોની કોઠીનો દલાલ અને સરાફ હતો. અંગ્રેજોને વેપાર માટે તે મોટી રકમ ધીરતો હતો. ઔરંગજેબ સમક્ષ (ઈ.સ.૧૬૬૦) યોગ્ય રજૂઆત કરીને અંગ્રજ વેપારીઓને સારી એવી મદદ કરી હતી."[૨૧] આવા અનેક સંદર્ભો ડૉ. મકરંદ મહેતાએ ''મહાજનોની યશગાથા'' અને ''સમ આસ્પેક્ટ ઑફ સુરત એઝ એ ટ્રેડિંગ સેન્ટર ઇન ધ ૧૭ સેન્ચુરી-''માં આપેલ છે, પરંતુ સ્થળ-સંકોચને કારણે અત્રે તેનો ઉલેખ માત્ર કરીશું.

**સામાજિક-ધાર્મિક ક્ષેત્રે સત્તરમા સૈકાનું સુરત :**

રાજકીય તેમજ આર્થિક ક્ષેત્રે સુરતનો સત્તરમા સૈકાનો વિકાસ જોયા પછી તેના સામાજિક-ધાર્મિક ક્ષેત્રે નજર કરતાં જણાય છે કે વેપાર- ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર અને પ્રતિષ્ઠિત સુરતનું સામાજિક-ધાર્મિક જીવન બહુરંગી પ્રતિભા ધરાવતું હતું. માટે જ પ્રો. પી. સી. જોશી નોંધે છે કે" Dur hg 17 and 18 centur es Surat was the main centre of trade and commerce and a major port of the country, The city then was cosmopolitan and different cultures ming ed nto the city which gave It a distinctly personality."[૨૨] કહેવામાં આવ્યુ છે તેમ સત્તરમા સૈકાનું એ અગત્યનું બંદર વેપારી મથક અને સાચા અર્થમાં "કોસ્મોપોલિટન સિટી" બની ચૂકયું હતું. પારસી વિદ્વાન એદલજી પણ આવો જ મત ધરાવતાં જણાવે છે કે"એશિયા, યુરોપ તેમજ આફ્રિકા સહિતનાં કુલ ૮૪ બંદરોથી વેપારીઓ અહીં આવતા હોવાથી તેમના ધ્વજ સુરતના નદીતટે લહેરાતા એટલે (સુરતને) ૮૪ બંદરનો વાવટો એવું નામ મળ્યું. જહાંગીરના સમયે (ઈ.સ.૧૬૦૫-૨૭) સુરત બંદર પ્રખ્યાત હતું. મક્કા-મદીનાની હજ કરવા જવા ઇચ્છતા મુસ્લિમ યાત્રિકો સુરત આવી મહિનાઓ સુધી રોકાતા. દેશવિદેશના હાજી, ફકીર અને ઓલિયાઓની અહીં સતત ભીડ રહેતી. ઔરંગઝેબના સમયે (૧૬૮૫-૧૭૦૭) સુરતને 'બાબ-ઉલ-મક્કા' મક્કાનું પ્રવેશદ્વારનું ઉપનામ મળ્યું તેથી જ સહરા દરવાજા તરફ પહુ મુસાફરખાનું બંધાયું. શાહજહાંએ ઈ.સ.૧૬૨૭માં જહાંઆરાને સુરત બંદરની ૧૫ લાખની આવકવાળી જાગીર આપી હતી તેમાંથી સુરતના મુત્સદ્દી હકીકતખાને એક વિશાળ મુસાફરખાનું બંધાવ્યું (ઈ.સ.૧૬૪૪)[૨૩] હોવાનું પણ જણાઇ આવે છે. ડૉ. નવીનચંદ્ર આચાર્ય પણ આ અંગે નોંધે છે કે આ મકાન સુરતના કિલ્લેદારે ઈ.સ.૧૬૪૪માં બંધાવ્યું હતું તે અમદાવાદના આઝમખાનના મહેલને મળતું આવે છે.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ વિદ્વાનોનાં લખાણોને આધારે એક વાત સ્પષ્ટ થાય છે કે એ સમયના સુરતની તાસીર પોતાના સમકાલીન એવા કોઇ પણ ભારતીય શહેર કરતાં સાવ નિરાળી હતી. વિવિધ ધર્મ, જાતિ, પ્રદેશ,અને ભાષાના લોકોથી ઊભરાતું સુરત સમૃદ્ધિનાં શિખરો સર કરી શક્યું હતું, તેમ છતાં આ સમયના સુરતમાં કઇ વસ્તી કેટલા પ્રમાણમાં હતી તેનો કોઇ ચોક્કસ આંકડો મળતો નથી. ફ્રેંચ મુસાફર જીન-દ-થેવેનો (ઈ.સ.૧૬૬૬) પણ એ અંગે નોંધે છે કે "વસ્તીનો ચોક્કસ આંકડો આપવો મુશ્કેલ છે. જ્યારે વહાણો આવે ત્યારે શહેરમાં વસ્તી ખૂબ જ હોય છે....શહેરમાં ભારતીઓ, ઇરાનીઓ, આરબો, તુર્કો, ફ્રેંચો, આરમિયનો, અને ખ્રિસ્તીઓ છે...એકસો ઘરો કેથોલિકનાં છે.'[૨૫]

આવા જ એક બીજા વિદેશી લેખક પિટર વાન ડેન બ્રોક (ઈ.સ.૧૬૨૦-૨૯) કે જે સુરતની ડચ કોઠીનો વડો હતો તે તેની વેપાર-ધંધાની નોંધ વચ્ચે સુરતના જનજીવનનો ઉલ્લેખ કરતાં નોંધે છે- "આગ્રાથી કાફલાને સુરત પહોંચતાં આશરે બે માસ અને દસ દિવસ થતા (તે માટે) બે માર્ગોએ જવાતું : એક કે અમદાવાદ-મહેસાણા-સિદ્ધપુર-પાલનપુર-મેડતા-અજમેર-બયાના-ફતેપુર સિક્રી થઇ આગ્રા અને બીજો સુરત-બુરહાનપુર-શિરોંઝ-ગ્વાલિયર-ધોલપુર થઇ આગ્રા જતો. આગ્રાથી સુરત આવતા ઊંટનુ ભાડું ૧૫ રૂપિયા ત્રણ આના અને ગાડાના ૪૦-૪૫ રૂપિયા થતા ઇગ્લેન્ડથી આઠ મહિના અને ૨૦ દિવસે સુરત પહોચાતું.''[૨૬] આ ડાયરીમાં આ ઉપરાંત તત્કાલીન ભારતના રીતરિવાજો, ગુના, સજા, લગ્નો, બળાત્કાર વગેરેની માહિતી પણ આપતાં તે નોંધે છે કે જાન્યુઆરી ૧૬૨૫ માં મરીનો ભાવ એક મણનો સાડા સોળ મહેમૂદી (એક રૂપિયા બરાબર અઢી મહેમૂદી) અને જૂન સ. ૧૬૨૭માં લવિંગનો ભાવ એક મણનો ૧૫૭ મહેમૂદી હતો. આ ઉપરાંત સુરત આવતાં વહાણો, તેનાં નામ અને વેપારી વિગતો તથા વરસાદ, તોફાન અને અન્ય નોંધો પણ આપણને સત્તરમા સૈકામાં સુરતની ઝલક આપે છે.

**ઉપસંહાર :**

ઉપર્યુક્ત નોંધો, સાહિત્ય-સંદર્ભો, સાધન-સામગ્રી ઉપરાંત સુરતના રાજા-ઓવારા પર પડેલા પ્રાચીન અવશેષો તથા શહેરનાં પુરાતન મંદિરોના ભગ્નાવશેષો, લખાણવાળા પાળિયાઓ, તામ્રપત્રો - દાનપત્રો, માલવણ તેમજ એબા(કામરેજ તાલુકો)નાં ખોદકામો દર-મ્યાન મળેલાં આદ્ય ઐતિહાસિક કાળના માટીનાં ચિત્રિત વાસણો, અકીકનાં ચપ્પુ-પાનાં, કાળા પથ્થરની કુહાડી, સુરતના સમીપવર્તી વિસ્તારોની ભૂપૃષ્ઠરચના, શહેરનાં જૂનાં સ્થળનામો તથા શાસ્રો-પુરાણોની માહિતી વગેરે જેવાં વિપુલ સાધનોને ધ્યાનપૂર્વક ચકાસવામાં આવે તો સુરતની સ્થાપનાથી માંડીને તેના વિવિધ તબક્કાના જન-જીવનને લગતાં વિવિધ પાસાંને આવરી લેતી કેટલીક રસપ્રદ અને નવતર માહિતી અચૂક પ્રાપ્ત થઇ શકે તેમ છે. આવી સાધનસામગ્રીને એકત્રિત કરી, તપાસીને ડૉ.મકરંદ મહેતા તથા ડૉ.ગુણવંતરાય દેસાઇ જેવા કેટલાક વિદ્વાનો અને વિનુભાઈ દેસાઈ તથા પ્રા.કુરેશી જેવા ઇતિહાસપ્રેમીઓએ જે રીતે સુરતના મહાજનો, તેમની વેપારી પ્રવૃત્તિઓ અને સુરતના બંદર તેમજ અઠાવીસી પરગણાને લગતી રસપ્રદ માહિતી એકત્રિત કરેલ છે તે જોતાં લાગે છે કે આવી સાધનસામગ્રીનાં ઉપયોગ અને અધ્યયન પાછળ પૂરતી કાળજી લેવામાં આવે તો સુરતની સ્થાપનાથી માંડીને આધુનિક કાળ સુધીનો એક સળંગસૂત્ર અને આધારભૂત ઇતિહાસ તૈયાર થઇ શકે. જો તેમ થાય તો સત્તરમા સૈકાના સુરતની ભવ્ય ગૌરવપ્રદ અને પ્રેરણાદાયી ઐતિહાસિક માહિતી પ્ર થઇ શકે તેમ છે.

ઠે. સી, ૫૩ ભાગવતનગર સો., સાગરબંગલા સામે, સોલારોડ, અમદાવાદ-૬૧

**પાદટીપ**

૧. દેસાઇ ઇશ્વરલાલ ઇચ્છારામ, 'સુરત સોનાની મૂરત' -સુરત ઇ. સ. ૧૯૫૮ પૃ.૩

૨. પ્રોફે. (ડૉ.) મહેતા રમણલાલ નગરજી,'સુરતનો વિકાસક્રમ', 'સ્મરણિકા', ગુજ. ઇતિહાસ પરિષદ, સુરત ઇ,સ. ૧૯૮૧, પૃ. ૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


૩. દેસાઈ શંભુપ્રસાદ હરિપ્રસાદ-મલેક ગોપી, સ્મરણિકા, ઉપર્યુક્ત-પૃ. ૩૬
૪. ફાર્બસ એલેક્ઝાન્ડર કે, 'રાસમાળા' પૃ.૪૬
૫. શાસ્ત્રી હરિપ્રસાદ જી. 'મૈત્રકકાલિન ગુજરાત' ભાગ-૧, પૃ. ૨૦૩
૬. ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ- સુરત જિલ્લો-અમદાવાદ, ૧૯૯૪, પૃ. ૮૧
૭. ડૉ. મહેતા રમણલાલ નાગરજી, ઉપર્યુક્ત, પૃ.૧
૮. ડૉ. સાંડેસરા ભોગીલાલ 'શબ્દ અને અર્થ', પૃ.૧૬૬
૯. પલાણ નરોત્તમભાઈ, સુરત શબ્દની ફેરવિચારણા-સ્મરણિકા પૃ.૧૭
૧૦. દેસાઈ શંભુપ્રસાદ 'મલેક ગોપી', સ્મરણિકા, પૃ.૩૬
૧૧. દેસાઈ શંભુપ્રસાદ 'મલેક ગોપી,'સ્મરણિકા, પૃ.૩૬
૧૨. ડૉ. શાસ્ત્રી હરિપ્રસાદ 'બંદરે મુબારક'-સ્મરણિકા, પૃ.૪
૧૩. ગુજરાતરાજ્ય સર્વસંગ્રહ, સુરત જિલ્લો, અમદાવાદ, ૧૯૯૪ પૃ.૧૦૨
૧૪. 'સ્મરણિકા '-ઉપર્યુક્ત-પૃ.૧૮
૧૫. દેસાઈ ઈશ્વરલાલ ઈચ્છારામ, 'સુરત સોનાની મૂરત'-૧૯૫૮, પૃ.૧૦
૧૬. 'સ્મરણિકા'-ઉપર્યુક્ત પૃ.૬
૧૭. ડૉ. સાંકળિયા હસમુખભાઈ, પ્રાગૈતિહાસિક સુરત, સ્મરણિકા, પૃ.૯
૧૮. દેસાઈ ઈ.ઈ., ઉપર્યુક્ત, પૃ.૨૩-૨૫
૨૨. પ્રા. જોશી પી.સી, ઇકોનોમિક સ્ટ્રકચર ઑફ સુરત સિટી-એ હિસ્ટોરિકલ-પ્રસ્પેકટિવ, સ્મરણિકા, પૃ.૬૩
૨૩. ગુજ. રાજ્ય સર્વસંગ્રહ, ઉપર્યુક્ત પૃષ્ઠ ૮૨
૨૪. ડૉ.આચાર્ય નવીનચંદ્ર, મુઘલકાલીન ગુજ., પૃ.૨૭૪
૨૫. જીન-દ-પર્વનો, સ્મરણિકા, પૃ.૫૧
૨૬. મેઘાણી મોહન, "થિયેટર વાન બ્રોક અને તેની સુરત ડાયરી", સ્મરણિકા, પૃ.૫૨


**સંદર્ભ સાહિત્યસૂચિ :**


(૧) આચાર્ય નવીચંદ્ર, "મુઘલકાલીન ગુજરાત"-૧૯૭૪
(૨) કવિ ન્હાનાલાલ,"સુરતની સુકુમારતા"-૧૯૨૭
(૩) કોમિસરિયેટ એમ. એસ.,"હિસ્ટ્રી ઑફ ગુજરાત-"૧૯૫૭
(૪) ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ-સુરત જિલ્લો-૧૯૯૪
(૫) જોશી પી.સી.,"ઇકોનોમિક સ્ટ્રકચર ઑફ સુરત સિટી-એ હિસ્ટોરિકલ પ્રસ્પેકટિવ"-૧૯૮૧
(૬) દેસાઇ ઇશ્વરભાઈ ઇચ્છારામ, "સુરત સોનાની મૂરત" ૧૯૫૮
(૭) દેસાઇ ગુણવંતરાય, "પશ્ચિમ ભારતમાં અંગ્રેજો"-
(૮) ફાર્બસ એલેકઝાન્ડર કે., રાસમાળા-૧૮૯૯
(૯) પરીખ રસિકલાલ અને શાસ્ત્રી એચ.જી.,"ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ"-૧૯૭૯
(૧૦) મહેતા મકરંદ જે., "મહાજનોની યશગાથા"
(૧૧) મહેતા મકરંદ જે., "સમ આસ્પેક્ટ ઑફ સુરત ઍઝ ઍ ટ્રેડિંગ સેન્ટર ઇન ધ ૧૭ સેન્ચુરી"૧૯૮૪
(૧૨) મહેતા રમણલાલ નાગરજી -"સુરતનો વિકાસ ક્રમ-૧૯૮૧
(૧૩) મહેતા રમણલાલ નાગરજી "ભારતીય વસવાટ"-
(૧૪) માર્શલ રતન રુસ્તમજી ,સુરતના બે -લત્તા-રુસ્તમપુરા-નાનપુરા, ૧૯૪૨
(૧૫) સાંકળિયા હસમુખ,"પ્રાગૈતિહાસિક સુરત"-૧૯૮૧
(૧૬) સંપટ ડુંગરશી ધરમશી ,"મોગલ સમયનુ ગુજરાત"-૧૯૪૦
(૧૭) શેઠ એચ.પી., "ઇકોનોમિક સ્ટ્રકચર ઑફ સુરત સિટી-એ હિસ્ટોરિકલ પ્રસ્પેકટિવ-૧૯૮૧
(૧૮)શાસ્ત્રી હરિપ્રસાદ જી., "મૈત્રકકાલીન ગુજરાત"-૧૯૫૫




For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "કચ્છ ઇતિહાસ પરિષદ"

## "૪ થું અધિવેશન"

-શ્રી. જયંતિગિરિ પી. ગોસ્વામી

**સ્થળ :** સંત શ્રીઇશ્વરરામજી આશ્રમ-વાંઢાય-કચ્છ

**તારીખ :** ૨૦,૨૧-ડિસેમ્બર-૧૯૯૭-શનિ,રવિ,માગશીર્ષ વદિ-૬,૭,

**પ્રથમ દિવસ :** તા,૨૦,૧૨,૯૭, શનિવાર

### "પ્રથમ સત્ર"

આ સત્રની શરૂઆત ભગવાનને પ્રાર્થનાથી યાદ કરીને કરવામાં આવવી. આ પ્રાર્થના શ્રી શંભુભાઇ જોશી સાથે સર્વે પરિષદના સભ્યોએ કર્યા બાદ સંતશ્રી કરશનદાસજીના હસ્તે દીપપ્રાગટ્ય ને આશીર્વાદ થી આગળ વધી.

આ બે દિવસના અધિવેશન-સત્રના પ્રથમ દિવસના સમગ્ર કાર્યક્રમનું અધ્યક્ષપદ પરિષદના પ્રમુખ શ્રી પ્રાણગિરિ પી. ગોસ્વામીએ સંભાળ્યું હતું.

કચ્છ ઇતિહાસ પરિષદના મંત્રીશ્રી શંભુભાઇ સી.જોશીએ સ્વાગતપ્રવચન કરી સંસ્થાની છ વર્ષની પ્રગતિનો ચિતાર-અધિવેશનો,જ્ઞાનસત્રો,શૈક્ષણિક શિબિરો અને સંશોધનપ્રવાસો વગેરેનો વિસ્તૃત અહેવાલ રજૂ કર્યો. આ સંસ્થાના અન્ય મંત્રીશ્રી અરુણભાઇ ઠક્કરે પોતે સંસ્થા તરફથી યોજાયેલ સંશોધનપ્રવાસમાં ઇતિહાસનાં પાનોમાં ન ચડેલાં કચ્છની ધીંગીધરામાં ઊંડે પથરાયેલા પુરાતન સ્થાનો- પાળિયાઓ વગેરે વિશે જે નવું જાણ્યું એની વિગતે માહિતી આપી. સાથે સંસ્થાના સભ્યો પાતાના સ્વખર્ચે આ પ્રવાસો કરે છે તે પણ જણાવ્યું.

સંસ્થાના ઉપપ્રમુખશ્રી વાઘુભા જાડેજાએ "કચ્છી શબ્દો"અને કચ્છમાં પાણીની સમસ્યા અંગે-ઇતિહાસના સંદર્ભો આપીને રસપ્રદ પ્રવચન આપ્યું હતું તેમજ કચ્છનો 'બન્ની'નામનો પ્રદેશ એ 'બન્ની'કેમ કહેવાયો એ શબ્દની ઉત્પત્તિ અને એનો અર્થ સમજાવ્યો. સાથે કચ્છમાં સિંધુ, નર્મદા,મચ્છુ વગેરે નદીનાં પાણી નહેરો દ્વારા કઇ રીતે લાવી શકાય એ પણ સમજાવેલ. આ કામ કચ્છના ચૂંટાયેલા પ્રતિનિધિઓ નક્કી કરી ન શકે તો સામાજિક સંસ્થાઓએ આ કાર્ય કરવા માટે આગળ આવવું જોઇએ, તો જ કચ્છનો કાયાપલટ થશે તે ભારપૂર્વક જણાવેલ.

પોરબંદરના આદરણીય મુરબ્બી સ્વ. શ્રી મણિભાઇ વોરાની હયાતીથી જ આ સંસ્થાને જેમની હૂંફ મળી છે, એવા "પોરબંદર સંશોધન મંડળ"ના જુવાન કાર્યકર શ્રી ડાહ્યાભાઇ 'શિલ્પી'આ-કાર્યક્રમની સફળતા ઇચ્છતો "પોરબંદર સંશોધન મંડળ"નો સંદેશો લાવ્યા હતા. સાથે ઇતિહાસપ્રેમી શ્રી વાસુદેવભાઇ મણિભાઇ વોરાએ"કચ્છ ઇતિહાસ પરિષદ"દ્વારા દર અધિવેશન ટાંકણે ઇતિહાસ અને પુરાતત્ત્વ માટે-નિબંધ લખાય અને એના માટે "સ્વ.મણિભાઇ વોરા" ચંદ્રક અપાતો રહે તે માટે રૂ.૧૫૦૦-મોકલાવેલ, તે આ સંસ્થાનાં ખજાનચી શ્રી હર્ષદભાઇ બુદ્ધભટ્ટીએ સ્વીકાર્યા અને જણાવેલ કે "પોરબંદર સંશોધન મંડળ"અને "સ્વ. મણિભાઇ વોરા"પરિવારને કચ્છની આ પરિષદ પ્રત્યે કેટલી અંતરની લાગણી છે તેની પ્રતીતિ સૌને કરાવેલ છે. આ બદલ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

### તા, ૨૦,૧૨,૯૭-બીજું સત્ર : બપોરે ૩ થી ૬

બપોરના સમયમાં "કચ્છની શક્તિપીઠો" " ભૂજનાં ઐતિહાસિક શિવમંદિરો" તથા "કચ્છનાં જૈન મંદિરો" અંગે આવેલ-નિબંધો પૈકી પ્રથમ કક્ષાના ચંદ્રકનિબંધોનું વાચન થયું હતું અને રૌપ્ય ચંદ્રકો શ્રીઅંબિકા ધૂનભક્તિ મંડળનો

★ મેઘછાયા, બિલ્ડિંગ, ગોસ્વામી ચોક-ભીડ, ભૂજ (કચ્છ)-૩૭૦ ૦૦૧



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંદ્રક, ''શ્રી જાદવરાય ધોળકિયા સ્મૃતિ ચંદ્રક'', સ્વ.હરજી ગાંગજી વોરા-રૌપ્યચંદ્રક શ્રી અશોકભાઈ વોરા તરફથી જાહેર થયા હતા.

આ જ સમયે-ઉપસ્થિત ઇતિહાસપ્રેમીઓ-સભ્ય પ્રતિનિધિઓનાં પ્રવચનો સાથે ૫ થી ૬ પ્રાર્થના-દર્શનનો લાભ લેવાયો હતો. ત્યાર બાદ સામાન્ય સભામાં જરૂરી ઠરાવો, સૂચનો ગ્રાહ્ય રહ્યાં હતાં. બાદ સૌએ શ્રીઉમિયા ભવાનીજી તથા રામચંદ્રજી મંદિરોની સાયં- આરતીનો લાભ લીધો હતો,

''કચ્છ ઇતિહાસ પરિષદ''લોકાભિમુખ બનવા ''જ્ઞાનસત્ર''માં ઐતિહાસિક કાવ્યપઠન અને ''અધિવેશન''માં આરાધ્ય-સંતવાણીનો પણ શિરસ્તો અપનાવ્યો છે, એ રીતે રાત્રે - ૯ થી ૧૧ના ગાળામાં ''ઠાકરથાળી'' યોજાઈ હતી, જેમાં આ ધર્મસંસ્થાના અગ્રણી કાર્યકર તથા કચ્છના ખ્યાતનામ કલાકાર શ્રી બચુભાઈ ભગત, ભૂજના શ્રી પ્રાણલાલ ઠક્કર, મિરઝાપર મંડળના શ્રી ગણાત્રાના ભાઈશ્રી શ્યામગરભાઈ, ગાંધીધામના શ્રી અમૃતલાલ બારોટ- જે રાવણહથા કલાકાર છે અને ભૂજના લોકસાહિત્યકાર શ્રી વેલજી-ભાઈ બારોટ પણ જોડાયા હતા અને પોતપોતાની શક્તિઓની રસલહાણ પીરસી હતી. યક્ષ સાંયરાના વૃદ્ધ કલાકાર શ્રી મીરભાઈએ કચ્છી રાગ-રાગણીઓની સંતવાણી દ્વારા પિછાન કરાવી હતી અને આશા-આશાવરીનાં ભજનો કચ્છીમાં રજૂ કર્યાં હતાં.

**દ્વિતીય દિવસઃતા,૨૧-૧૨-૯૭,રવિવારે-પ્રથમસત્ર-સમાપનસભા**

પ્રભાતે વહેલા ઊઠી, પ્રથમ પ્રભાતિયાં-ગાનનો કાર્યક્રમ રહ્યો હતો, જેમાં પ્રમુખ શ્રી પ્રાણગિરિ ગોસ્વામી, શ્રી બિહારીભાઈ અજાણી,શ્રી શ્યામગરભાઈ, શ્રી પ્રાણલાલભાઈ ઠક્કર વગેરેએ નૃસિંહ મહેતાનાં પ્રભાતિયાં રજૂ કર્યાં હતાં, જેને શ્રી અમૃતલાલ બારોટે પોતાના વાદ્ય પર સંગત આપી હતી,

સ્પર્ધાના નિબંધોના નિર્ણાયકો તરીકે શ્રી બાપાલાલભાઈ જાડેજા તેમજ શ્રી હરીશભાઈ સોનીએ પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી, આજના આ સત્રના અધ્યક્ષ તરીકે-ભૂજના જાણીતા ઍડવોકેટ શ્રી રત્નાકરભાઈ ધોળકિયા હાજર હતા તથા " ભૂજ ટાઇમ્સ" પત્રના તંત્રીશ્રી વિનોદભાઈ ગાલા અતિથિવિશેષ તરીકે હાજર રહ્યા હતા,

સમાપન સમારંભના અધ્યક્ષશ્રી રત્નાકરભાઈ ધોળકિયાએ - વિજેતાઓનું સંમાન કરતાં 'કચ્છ ઇતિહાસ પરિષદ'ની પ્રવૃત્તિઓની પ્રશંસા કરી શુભેચ્છાઓ આપી હતી અને કહ્યું હતું કે કચ્છનાં જુવાનોને 'કચ્છ ઇતિહાસ પરિષદ' દ્વારા સુંદર જ્ઞાન મળે છે એ આજના કાળમાં ખૂબ જ જરૂરી છે. 'પરિષદ'ને દર અધિવેશને કચ્છના ઐતિહાસિક નિબંધ માટે-પોતાના ઇતિહાસ પ્રેમીપિતા શ્રી જાદવરાયભાઈની સ્મૃતિમાં એક રૌપ્ય ચંદ્રક પણ એનાયત કરવા જાહેરાત કરી હતી. કચ્છના ઇતિહાસ અંગે મનનીય પ્રવચન આપી પરિષદની પ્રવૃત્તિઓને સહયોગ આપવા ખાત્રી આપી હતી. 'ભૂજ ટાઈમ્સ'ના તંત્રી શ્રી વિનોદભાઈ ગાલાએ અતિથિવિશેષપદેથી બોલતાં જણાવ્યું હતું કે સંસ્થાને દરેક પ્રકારે સહયોગ આપવાની આથી ખાત્રી આપું છું, અને પોતાનાં સ્વ. પિતા શ્રીશિવજીભાઈ ગાલાના સ્મણાર્થે-સંસ્થાનાં 'જ્ઞાનસત્રો'પ્રસંગે-જે શાળા મહાશાળાઓના વિદ્યાર્થીઓ કે-શિક્ષક-પ્રાધ્યાપકો-કચ્છના ઇતિહાસ પર સારું વક્તવ્ય આપશે એ શાળા કે મહાશાળાને-રોલિંગ શિલ્ડ આપવાની જાહેરાત કરી હતી,

આ ચતુર્થ અધિવેશનટાંકણે નવા આજીવન સભ્યોની નોધણી કરવાની સાથે બંને દિવસોએ ઉપસ્થિત રહેલ, સૌ ઇતિહાસપ્રેમીઓએ સંસ્થાને જુદી જુદી રીતે-અનુદાન આપવાની પણ જાહેરાતો કરી હતી.

આ બન્ને દિવસોના અધિવેશનકાર્યને સફળ બનાવવા પરિષદના ત્રણે મંત્રીશ્રીઓ, કોશાધ્યક્ષ શ્રીહર્ષદભાઈ બુદ્ધભટ્ટી, શ્રી શાંતિલાલભાઈ પરમાર,શ્રી યુગશક્તિ મંડળ-સુરગખપરના શ્રીયોગેશભાઈ ગણાત્રા શ્રી હિતેશભાઈ ઠક્કર વગેરેએ જહેમત ઉઠાવીહતી. ''જીવન સંધ્યા'' વૃદ્ધાશ્રમ આશ્રમ (કોટડા-રોહા) ના મોવડી શ્રી હરજીવનભાઈ પોપટ, શ્રીમતી મંગલાબહેન જેઠી, કુ. ઊર્મિલાબેન ઠક્કર, સામાજિક કાર્યકર શ્રીમતી કંકુબહેન ઠક્કર, શ્રી અશ્વિનભાઈ પોમલ, શ્રીતેજસ પટ્ટણી (પત્રકાર),શ્રી યોગેશભાઈ પંડયા (આકાશવાણી)તથા આશ્રમનાં જિંદાદિલ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# રત્નમણિરાવ જોટે : અને તેમનું ઇતિહાસ લેખનમાં પ્રદાન

પ્રો. અરુણ વાઘેલા

મનુષ્ય ચાલતો રહે છે, ચાલતો રહે છે. ચાલતાં ફરતાં ભટકતાં તેના પગ નીચે ન જાણે કેટકેટલી સંઘર્ષ-ઉત્કર્ષ મહેનત અને મહત્ત્વાકાંક્ષાઓની વાતો દબાયેલી પડી છે. એક બીજો માણસ આ જ પદચિહ્નોની ધૂળ સૂંઘતો એ જ રસ્તા પર ચાલે છે, સફળતા-નિષ્ફળતાઓની કેટલીય વાતો એને પણ વિખેરાયેલી હાલતમાં મળે છે અને તે એ બધાને સંયોજે છે, નીર-ક્ષીરના વિવેક દ્વારા એને તોળવાની કોશીશ કરે છે અને એમાંથી નીકળતું સત્ય દુનિયા સામે રજૂ કરે છે, જેને દુનિયા ઇતિહાસકાર કહે છે.

ઇતિહાસકાર લાલ બહાદુરના ઉપર્યુક્ત શબ્દો કોઇ પણ ઇતિહાસકાર માટે એક આદર્શરૂપ બનવા જોઇએ. તેને કેન્દ્રમાં રાખી ગુજરાતના ઇતિહાસમાં વિપુલ પ્રમાણમાં સંશોધન અને લેખન કરનાર રત્નમણિરાવ ભીમરાવ જોટેનું પ્રસ્તુત લેખમાં મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન છે.

આર. બી. જોટેનાં ટૂંકા નામે જાણીતા બનેલા રત્નમણિરાવ ભીમરાવ જોટે ગુજરાતનાં ઇતિહાસ વિશે લખનારા ગુજરાતી ઇતિહાસકારોના અગ્રેસર છે. વિનયનના સ્નાતક સુધીનો જ અભ્યાસ હોવા છતાં ગુજરાતના ઇતિહાસમાં વિપુલ કહી શકાય તેવું સંશોધન તેમ લેખન કર્યુ છે. એમના ઇતિહાસવિષયક ગ્રંથોમાં (૧) ગુજરાતનું પાટનગર અમદાવાદ (૧૯૨૮), (૨) ખંભાતનો ઇતિહાસ (૧૯૩૫) (૩) ગુજરાતનાં સાંસ્કૃતિક ઇતિહાસ ભાગ ૧-૨-૩-૪ ઉપરાંત તેમની 'સોમનાથ' (૧૯૪૯) અને 'જેતલપુર' (૧૯૩૧) જેવી પુસ્તિકાઓ પણ ઐતિહાસિક માહિતી માટે ઉપયોગી છે.

પુસ્તકલેખનની સાથે સાથે 'પ્રસ્થાન' 'બુદ્ધિપ્રકાશ' 'નવચેતન' અને 'વસંત' જેવાં સામયિકોમાં ઇતિહાસ પર સંશોધનલેખો લખ્યા હતા.

**આર. બી. જોટેનું ઇતિહાસ-લેખન : ગુજરાતનું પાટનગર અમદાવાદ (૧૯૨૮)**

૫૧ પ્રકરણોમાં વહેંચાયેલું તેમનું આ પુસ્તક અમદાવાદની સ્થાપના(૧૪૧૧)થી લઈ મુઘલ સમયનું અમદાવાદ, મરાઠા સમયનું અમદાવાદ, અમદાવાદની ટંકશાળ અને સિક્કા, અમદાવાદના બગીચાઓ. સ્થાપત્ય અને એની વિશેષતાઓ, નગરરચનાં વગેરેનો ઇતિહાસ આલેખે છે, તદ્ઉપરાંત પ્રસ્તૃત ગ્રંથમાં અમદાવાદનો વેપાર--ઉદ્યોગ, મહાજનો, જોવાલાયક સ્થળો, અમદાવાદના મુસ્લિમ સંતો, ઐતિહાસિક પુરુષો, મુખ્ય વેપારીઓ, ભક્તો, સુધારકો, લેખકો વગેરેની વિસ્તૃત અને રસપ્રદ માહિતી આપે છે.

આ ગ્રંથમાં અમદાવાદની સ્થાપનાના વર્ષ અંગે તથા તેની સ્થાપના અંગે જે દંતકથાઓ પ્રવર્તે છે તેની સ્પષ્ટતામાં તેઓ જણાવે છે કે ''મુસ્લિમ તવારીખો જે એ વખતનાં પ્રમાણમાં તારીખો આપવામાં સૌથી ચોક્કસ છે તેમણે પણ સાલવારી આપવામાં ભૂલો કરી છે. મિરાતે-સિકંદરી, મિરાતે-એહમદી અને તબકાત- અકબરીને ધ્યાનમાં રાખી ઈ.સ. ૧૪૧૧ની સાલને અમદાવાદનું સ્થાપનાવર્ષ ગણે છે અમદાવાદની સ્થાપના કરવા પાછળ રહેલી દંતકથાઓને દૂર કરી (કૂતરા-સસલાની વાર્તા, આશા ભીલની પુત્રી તેજાં અને અહમદાબાદના બાદશાહની પ્રેમકથા) અમદાવાદમાં રહેલી હવા-પાણીની સુવિધાને કારણે અહમદશાહે અમદાવાદની સ્થાપના કરી હોવાનું પુરવાર કરે છે.

એ જ રીતે અમદાવાદનાં વિવિધ સ્થાનો વિશે પ્રર્વતીતે દંતકથાઓનું પણ પોતાની ઐતિહાસિક દૃષ્ટિથી ખંડન કર્યુ છે. દા. ત. માણેકચોક અને માણેકનથ બાવાની દંતકથા, સાબરમતીના પ્રવાહને અહમદશાહે બદલાવી લાવ્યા હોવાની દંતકથા વગેરે. આ જ પુસ્તકમાં મિરાતે-એહમદી, મિરાતે-સિકંદરી, અબુલફઝલ ઉપરાંત બાર્બોસા, સર ટોમસ રો, વિલિયમ ફીચ, વિલિંગ્ટન, એડવર્ડ ટેરી, થેવોનોટ જેવા વિદેશી મુસાફરોની અમદાવાદ વિશેની નોંધો

★ પ્રો. અરુણ વાઘેલા, શેઠ પી.ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમકાલીન ગ્રંથોને આધારે આપી છે. (પ્રકરણ ૧૨)

અમદાવાદનાં મુસ્લિમ સ્થાપત્ય નામના પ્રકરણમાં અમદાવાદ અને દિલ્હીની જુમ્મા મસ્જિદોની સુંદર તુલના કરતાં જણાવે છે કે "દિલ્હીની જુમ્મા મસ્જિદ આપણને સારા કપડા પહેરેલી પરદેશી સ્ત્રી જેવી લાગે છે, જ્યારે અમદાવાદની જુમ્મા મસ્જિદ સુંદર હિંદી સ્ત્રી જેવી લાગે છે." (પૃ.૫૭૮)

આ ઉપરાંત પ્રસ્તુત ગ્રંથમાં અહમદશાહની મોડાસા, ખાનદેશ, માળવા, ચાંપાનેર, ઇડર, બહમનીની લડાઈઓ, તેનો રાજ્યવહીવટ, ન્યાયપદ્ધતિ ઉપરાંત તેમના સમયના સંત પુરુષોની વિગતો આપવામાં આવી છે.

અમદાવાદ વિશે આટલું વિસ્તૃત અને છણાવટપૂર્વક લખનારાઓમાં રા. મગનલાલ વખતચંદ પછી તેઓ બીજા ઇતિહાસકાર છે. અમદાવાદનાં સ્થળો વિશે સંશોધન કરનારાઓ માટે આ ગ્રંથ આધારરૂપ બની શકે તેમ છે.

**ખંભાતનો ઇતિહાસ(૧૯૩૫)**

આ ગ્રંથ ખંભાતના નામદાર નવાબસાહેબ બહાદુર (દિલાવરજંગ નવાબ મિર્ઝા હુસેંયાવરખાન બહાદુર)ના હુકમથી લખવામાં આવ્યું હતું. ૧૮ પ્રકરણો અને સાત પરિશિષ્ટોમાં વહેંચાયેલું આ પુસ્તક ખંભાતનો પૌરાણિક સમયથી સ્વતંત્ર સંસ્થાન તરીકેનો કઈ રીતે વિકાસ થયો તેની સિલસિલાબંધ વિગતો આપે છે, ઉપરાંત ખંભાતનો બંદર તરીકેનો વિકાસ, તેની પડતી, મુફતાબીરખાન(મોમીનખાન બીજા)ના સમયમાં ખંભાત, ખંભાતનો વેપાર અને વહાણવટું, ધંધારોજગાર (અકીક ઉદ્યોગ) અને જોવા લાયક સ્થળોની ઉપયોગી માહિતી આપી છે. આ જ ગ્રંથમાં ખંભાતનાં પ્રાચીન નામોમાં ખંભાયત, સ્તંભતીર્થ, ત્રંબાવતી, તામ્રલિપ્ત, મહિનગર, ભોગવતી, પાપવતી, કર્ણાવતીમાંનાં ઘણાં નામો ઇતિહાસકારોના ભ્રમથી લખાયેલાં હોવાનું સાબિત કરે છે.

પ્રાચીન ભારતમાં ઇતિહાસલેખનનાં સાધનો નહિવત્ છે એવા દાવાને પડકારતાં તેઓ આ ગ્રંથમાં પ્રાચીન ભારતમાં ઇતિહાસનાં સાધનો એવાં પુરાણો વિશે જણાવે છે કે "પૌરાણિક કથાઓ એ ગપગોળા નથી. એ પરંપરાગત કથાઓમાંથી બ્રાહ્મણોએ અંગત લાભને માટે દાખલ કરેલાં માહાત્મ્યો અને ચમત્કારિક વર્ણનોને તારવી ઐતિહાસિક સત્યોને બહાર લાવવાં જોઇએ." (પ્રકરણ-૧૨ પાજ ૨૪)

ખંભાતનું ઐતિહાસિક મહત્ત્વ સમજાવતાં જણાવે છે કે "ખંભાત રાજ્ય નાનું છે, પરંતુ એનું મહત્ત્વ ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું છે. ઘણાં પ્રાચીન કાળમાં ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓના કેન્દ્ર તરીકે ખંભાતે અગત્યનો ભાગ બજવેલો એ વિવાદાસ્પદ બાબતને એક બાજુ મૂકીએ તોપણ આર્થિક પ્રવૃત્તિની દૃષ્ટિએ હિંદુસ્તાનના એક વખતના મોટા બંદર તરીકે એનું સ્થાન આખા હિંદુસ્તાનના આર્થિક ઇતિહાસમાં મોટું છે.' આગળ જણાવે છે કે "ઐતિહાસિક મહત્ત્વ હંમેશા કદ કે ધનસંપત્તિ ઉપરથી મપાતું નથી, પરંતુ દેશ કાલ અને સંજોગોની પરિસ્થિતિની સરખામણી ઉપરથી મપાય છે. એ રીતે પ્રાચીન કાળથી આજ સુધીનો ખંભાતનો ઇતિહાસ રસમય અને મહત્ત્વપૂર્ણ છે.

આર. બી. જોટેએ પ્રસ્તૃત ગ્રંથમાં આધારો તરીકે નવાબના દસ્તાવેજો ઉપરાંત અન્ય સમકાલીન સાધનોનો ઉપયોગ કર્યો હોવા છતાં નવાબના આશ્રયે આ પુસ્તક લખાયું હોવાથી અતિશયોક્તિની સંભાવના ખરી !

**ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ :- ઇસ્લામયુગ ખંડ ૧-૨-૩-૪ : ખંડ-૧ (૧૯૪૫)**

આર. બી. જોટેનું આ પુસ્તક કુલ ૪૧ પ્રકરણોમાં વહેંચાયેલું છે. ઉપરાંત ગુજરાતનાં વહાણવટાને લગતું એક ઉત્તમ પરિશિષ્ટ આપવામાં આવ્યું છે.

**ખંડ-૧** માં પ્રાગૈતિહાસિક સમયથી મૌર્યસમયનું ગુજરાત, શક-ક્ષત્રપો- વલભીનું રાજ્ય, સોલંકી-વાઘેલાયુગનું ગુજરાત, એનો સમાવેશ થાય છે. ઉપરાંત આ ખંડમાં ગુજરાતનાં મુસ્લિમ સમય પહેલાંનાં બાંધકામોને લગતું એક સ્વતંત્ર પ્રકરણ આપેલું છે. પ્રાચીન ભારતના ઇતિહાસલેખનનાં સાધનોની ઉત્તમ છણાવટ કરવામાં આવી છે. ગુજરાતના પ્રાચીન અવશેષો જે રીતે નાશ પામી રહ્યા છે તે અંગે જણાવે છે કે "અનેક નાનાં-નાનાં દેશી રાજ્યોમાં વહેંચાઇ જવાની ગુજરાતની કમનસીબીને લીધે ઘણા અવશેષો નાશ પામ્યા છે અને વેચાઇ ગયા છે. એ જ કારણથી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

એનો સંગ્રહ કરવાનું મુશ્કેલ થઈ પડ્યુ છે(ખંડ૧.૨ પેજ-૧૨૩).

**ખંડ-૨ :-** આમાં સુલતાન અહમદશાહથી લઈ મહમૂદ બેગડાના સમય સુધીના સાંસ્કૃતિક બનાવોને આવરી લેતી વિગતોનો સમાવેશ થાય છે

આ ગ્રંથની પ્રસ્તાવનામાં આર.બી.જોટે ભારતીય ઈતિહાસલેખનપદ્ધતિ વિશે જણાવે છે કે "આજના ઈતિહાસવિજ્ઞાનના સિદ્ધાન્તો પ્રમાણે રાજાઓ અને લશ્કરની દોડાદોડ અને વિજયોનું વર્ણન કે તારીખો એ સાંસ્કૃતિક ઈતિહાસ નથી, પરંતુ આપણાં દેશની ઈતિહાસ-સામગ્રી, આપણા, સામાજિક બંધારણના વિશિષ્ટ. સંજોગો અને આપણા પ્રાચીન સાહિત્યની ઈતિહાસને નોંધવાની વિશિષ્ટ પણ વિચિત્ર રીત, આપણા સાહિત્યની માનસિક ભૂમિકા વગેરેને ધ્યાનમાં લેતાં આપણા દેશમાં ઈતિહાસલેખન બીજા દેશો કરતાં કંઈક ભિન્ન પારેસ્થિતિ ઉત્પન્ન કરે છે.

*આ ખંડમાં સુલતાન અમદશાહના સમયનું ગુજરાત, તેની લડાઈઓ અને ધાર્મિક સહિષ્ણુતાનું પૃથ્થક્કરણ* કરેલું છે. આ પુસ્તકમાં અમદશાહે હિંદુઓને વટલાવ્યા હતા, એમની પુત્રીઓને જનાનખાનામાં બળજબરીથી દાખલ કરી હતી તે પ્રચલિત વાતોનું ખંડન કરી જણાવે છે કે "હિન્દુ કન્યાઓ સાથેનાં અહમદશાહનાં લગ્નોને જુલ્મ ન ગણી શકાય, એને બદલે જે પ્રજા ઉપર વિજેતાને રાજ્ય કરવું છે. તેમની સાથે લોહીનો સંબંધ બંધાય તો રાજનીતિનું એક સારું પગલું ગણવું જોઇએ "એમ જણાવી પુરાવા તરીકે અકબરનાં હિંદુ સ્રીઓ સાથેનાં લગ્નોનાં ઉદાહરણ ટાંકે છે.

આ ખંડનાં ઉલ્લેખનીય પ્રકરણોમાંનું એક મુસ્લિમ સમયનું સ્થાપત્ય પણ છે, જેમાં હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિઓનાં મૌલિક ભેદ,ધાર્મિક સ્થાનોનો તફાવત, મિનારા અને મસ્જિદની બાંધણીને લગતી વિગતપૂર્ણ ચર્ચા કરી છે. આ ભાગ ગુજરાતની મુસ્લિમ સલ્તનતના સુવર્ણયુગ તરીકે ઓળખાવે છે

ગુજરાતની સલ્તનતના ઈતિહાસમાં સુલતાન મહમૂદ બેગડાનું વિવાદાસ્પદ વ્યક્તિત્વ છે. તેની રાજ્ય-પ્રાપ્તિ, તેનાં વિજયો, પ્રજાકીય આબાદી, તેના શોખ, તેના વિશેની પ્રર્વતતી દંતકથાઓ વગેરેની રસપ્રદ છતાં ઐતિહાસિક માહિતી આપી છે. ઉપરાંત ચાંપાનેરની કામચલાઉ રાજધાની તરીકેનાં પસંદગી, પાવાગઢનું ઐતિહાસિક-અને ધાર્મિક મહત્ત્વ, પાવાગઢનું પતન, પાવાગઢના પતાઇ-રાવળ વિશે પ્રચલિત દંતકથાઓનું ખંડન કરીને તેની ઐતિહાસિકતા પુરવાર કરી છે.

ઈ.સ. ૧૯૫૭ માં લખાયેલું તેમનું 'ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ખંડ-૩' પુસ્તકમાં સુલતાન મુઝફ્ફરશાહ બીજાના સમયથી લઈ સુલતાન બહાદુર તથા સુલતાન મહમૂદ બીજા સુધીના સમયની સાસ્કૃતિક અને રાજકીય બાબતોનું વર્ણન કર્યું છે. સુલતાન મુઝફ્ફરશાહ બીજાના સમયને ગુજરાતના મુસ્લિમ શાસનકાળના સાંસ્કૃતિક ઈતિહાસ તરીકે ઓળખાવ્યો છે.

**ખંડ-૪ :** પુસ્તક આર. બી. જોટેના મૃત્યુ પછી પ્રકાશિત થયું હતું. ચોથા ખંડમાં ગુજરાત મુઝફ્ફરશાહ ત્રીજાથી લઈ ગુજરાતમાં મુસ્લિમ સલ્તનતના પતન સુધીનો ઈતિહાસ આલેખ્યો છે. પરિશિષ્ટમાં 'ગુજરાતનું વહાણવટું" નામનું ઉત્તમ પરિશિષ્ટ આપવામાં આવ્યું છે.

કુલ પાંચ પ્રકરણોમાં વહેંચાયેલા આ ચોથા ખંડમાં ઈતિહાસકાર જોટેએ ગુજરાતની સલ્તનતના પતનનાં કારણો, પોર્ટુગીઝોની ગુજરાતના રાજકારણમાં દખલગીરી, સુલતાન મુઝફ્ફર ત્રીજાના પરાજયો, અકબરની ગુજરાત પરની ચડાઈઓ અને ગુજરાતની સલ્તનતનો અંત વગેરેનું તલસ્પર્શી પરિક્ષણ કરેલું છે.

"ગુજરાતનું વહાણવટું" પરિશિષ્ટમાં ગુજરાતની પ્રવૃત્તિઓ સર્વથી વિશેષ અને વિવિધતાવાળી પ્રાચીન કાળથી છે એ બાબતને સિદ્ધ કરી છે. આ જ પુસ્તકમાં આર. કે. મુખરજીના "પ્રાચીન હિંદનું વહાણવટું" પુસ્તકની પ્રશંસા કરી છે, પરંતુ સાથે સાથે જણાવ્યું છે કે "આ ગ્રંથ ઉત્તમ હોવા છતાં આ પુસ્તકમાં પ્રાચીન ગુજરાત કે જે વહાણવટાની પ્રવૃત્તિમાં સર્વથી આગળ હતુ એને અન્યાય થયો છે." આર. કે. મુખરજીના પુસ્તકમાં ગુજરાતના વહાણવટાની પ્રાચીનતાની ઉપેક્ષા કરાઈ, તેની આર. બી. જોટેએ આધારભૂત સાધનો અને પોતાની મૌલિક દલીલો



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દ્વારા ટીકા કરી છે. છતાં આ ટીકામાં ક્યાંય તેમની પ્રદેશવાદી ઇતિહાસકાર તરીકેની છાપ ઊઠતી નથી.

ગુજરાતના વહાણવટાની પ્રાચીનતા પુરવાર કરતાં તેઓ જણાવે છે કે "પ્રાચીન ગુજરાતના ઇતિહાસનો જે અભ્યાસ કરે છે, એશિયામાં હિંદુસ્તાનની અને હિંદુસ્તાનમાં ગુજરાતની ભૌગોલિક સ્થિતિનો જે વિચાર કરે છે અને હાલના ગુજરાતને એ નજરે જુએ છે, તેને તો આપોઆપ ખ્યાલ આવે છે કે ગુજરાત પ્રાચીન કાળથી દરિયાઈ વેપાર માટે મશહૂર છે, કારણ કે ગુજરાતનું કોઇ પણ સ્થળ દરિયાકાંઠાથી ૧૦૦ માઇલથી વધારે દૂર નથી (પા.૧૦૪૪) હયુઇટ, ગ્રીગ્ઝ, ટોલેમી, મિરાતે- એહમદી, વિવિધ પ્રદેશનાં ગેઝેટિયરો, દેશી જૈનસાહિત્ય, કાવ્યો, નાટકો વગેરેનો આધાર લઇ ગુજરાતના વહાણવટાની પ્રાચીનતા પુરવાર કરી છે.

ઇતિહાસકારનું એક કાર્ય ગઇ કાલનો આવતી કાલ માટે શો સંદેશ છે શી ઉપયોગિતા છે, શી પ્રાસંગિકતા છે અને પોતાની રીતે જાણવાનો અને લોકો સુધી તેને પહોંચતો કરવાનું કાર્ય છે એ અનુસાર આર. બી. જોટેના ગુજરાતના વહાણવટાનો વિકાસ, બંદરોની આવક, બંદર પરનો વેપાર, વહાણ- ઉદ્યોગ, વહાણોને લગતા પારિભાષિક શબ્દોની ચર્ચા તો કરેલી જ છે. ઉપરાંત ગુજરાતના વહાણવટાના ભવિષ્યના વિકાસ માટે ઉત્તમ અને ઉપયોગી સૂચનો કર્યાં છે.

ઉપર્યુક્ત ગ્રંથોની સાથે આર. બી. જોટેના 'સોમનાથ' (૧૯૪૯) અને 'જેતલપુર ' (૧૯૩૧) જેવાં ઇતિહાસવિષયક પુસ્તક પણ છે; જોકે તેમાં અન્ય પુસ્તકોની સરખામણીમાં ઐતિહાસિક માહિતી અલ્પ અને ઊતરતી જણાય છે.

**સામયિકોના લેખો :**

આર.બી. જોટેએ પોતાનાં ઉપર્યુક્ત ઇતિહાસને લગતાં પુસ્તકો ઉપરાંત સામાયિકોમાં પણ સંશોધનલેખો લખ્યા હતા. આ સંશોધનલેખોમાં ગ્રંથોની અપેક્ષાએ આધારભૂતતા વધુ જણાય છે. દા. ત. 'પ્રસ્થાન' માં 'ખોવાયેલી નદી' શીર્ષક હેઠળ સરસ્વતી નદીના પ્રવાહનાં રૂપાંતરોનો સંશોધનાત્મક અને ઐતિહાસિક પરિચય આપ્યો છે. 'કુમાર' (૧૯૫૧) 'વાવનું સ્થાપત્ય' શીર્ષક નીચે ગુજરાતના વાવસ્થાપત્યની વિશેષતાઓ પર રોશની ફેંકી છે. આ ઉપરાંત 'સીદી સૈયદની જાળી ' અને 'ગુજરાતનું મુસ્લિમ સ્થાપત્ય' વગેરે તેમના ઉલ્લેખનીય સંશોધનલેખો છે. આ સર્વેમાં 'સુરતમાં અંગ્રેજી કોઠી ' (કુમાર-૧૯૩૪) અલગ સંશોધનલેખ કહી શકાય તેવો છે.

**ઇતિહાસકાર તરીકે મૂલ્યાંકન :-**

આર. બી. જોટેએ ઇતિહાતવિષયક ગ્રંથો અને સામયિકોમાંના સંશોધન લેખો દ્વારા ગુજરાતના ઇતિહાસ-લેખનમાં પોતાનું આગવું પ્રદાન આપ્યું છે. ગુજરાતના ઇતિહાસ વિશે લખનારા દુ. કે. શાસ્ત્રી, એમ. એસ. કોમિસોરિયટ સાથે આર. બી. જોટેને પણ ઉલ્લેખનીય ગણી શકાય. પોતાના ઇતિહાસલેખનમાં સમકાલીન અને આધારભૂત સાધનોની સાથે પ્રાચીન સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યનો ઉપયોગ કર્યો હોવા છતાં બહુ ઓછે કોઇક ઠેકાણે તેની ઐતિહાસિકતા જોખમાઈ છે. ઇતિહાસકારનું એક કર્તવ્ય પોતાની અનુગામી પેઢીને પ્રેરણા આપવાનું પણ છે, એ અનુસાર "ખંભાતને ઇતિહાસ"ની પ્રસ્તાવનામાં જણાવે છે કે "આપણા પ્રાચીન ઇતિહાસના ભોંયરામાં પહેલાંના દીવડાએ ઝાંખી જોયેલી કેટલીક વસ્તુઓ ખોટી અને કેટલીક ખરી છે, એટલે જૂની માન્યતાઓ એક વાર દૂર કરી નવેસરથી આખું ભોંયરું તપાસવાની જરૂર છે." આ દ્વારા સંસોધકો એ ઇતિહાસકારોને ઇતિહાસના પુનર્લેખન માટે પ્રેરિત કરે છે.

પોતાના લેખનનાં પ્રાચીન સંસ્કૃત ગ્રંથોનો આધાર લીધો છે ત્યારે તેની આધારભૂતતા પુરવાર કરતાં લખે છે કે "વેદોમાં ઇતિહાસ સમૂળગો નથી એમ ન કહેવાય, જેટલા ઐતિહાસિક આધારો વેદોમાં છે એમાં તેની પ્રાચીનતાને કારણે અને એ વખતની પરંપરા લુપ્ત થવાથી વિવેચકોએ એનાં તરેહવાર નિવેદન કર્યાં છે, તેથી તેને કેટલું વજન આપવું તે પ્રશ્ન છે.' આ શબ્દો દ્વારા પ્રાચીન સાહિત્યના ઇતિહાસલેખનમાં કેવી રીતે ઉપયોગ કરવો તેનું દિશા-સૂચન કર્યું છે. પ્રાચીન સાહિત્યના આધાર પર જ તેમણે ગુજરાત પ્રાચીન છે એ વાતને પુરવાર કરી



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

બતાવી છે. (ખંભાતનો ઈતિહાસ પા.-૨૦)

કોઈ પણ ઈતિહાસકારનું ઈતિહાસલેખન મર્યાદા વગરનું હોઈ શકે ખરું ? આર. બી. જોટેના ગ્રંથમાં દંતકથાઓ અને રહસ્યકથાઓના પુષ્કળ ઉલ્લેખો મળે છે, ત્યારે ઘણાં કિસ્સાઓમાં તેની ઐતિહાસિકતા પુરવાર થઈ શકતી નથી. દા.ત. "ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ ખંડ-૨માં પાવાગઢ નામાભિધઆનની વિશદ ચર્ચા છતાં તેમાં સંભવિતતાની તુલનાએ ચોક્કસતા ખૂબ ઓછી જોવા મળે છે, એ જ રીતે આ જ ગ્રંથમાં ગુજરાતની પ્રજાની કોઈ પણ રાજ્ય વંશના પતનમાં ન્યાય અને નીતિથી થતી ભ્રષ્ટતા સામે અંગુલિનિર્દેશ કર્યા છે (પૃ.-૫૭૯) તો પાવાગઢનાં પતન માટે પ્રયોજાયેલા ગરબામાં ઐતિહાસિક સંશોધનની જરૂરિયાત જુએ છે (પૃ.-૬૩૮) આ બંને બાબતોમાં વિરોધાભાસ સ્પષ્ટ દેખાય છે.

ઉપર્યુક્ત કેટલીક મર્યાદાઓ હોવા છતાં તેમની ઈતિહાસકાર તરીકેની મોટી ખાસિયત એ છે કે તેમની કોઈ પણ ઘટનાના આલેખનમાં એક જ દસ્તાવેજ કે આધારનો ઉપયોગ થયો હોય તેવા બહુ ઓછા સંજોગો જોવા મળે છે અને એનાથી અગાઉના ઈતિહાસમાં રહેલી અશુદ્ધિઓને પણ એમણે દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે. છેલ્લે, એમના ગ્રંથો ગુજરાતીમાં લખાયા હોવા છતાં તેનું મહત્ત્વ અન્યોની તુલનામાં ઓછું નથી.

## સંદર્ભ ગ્રંથો

(૧) જોટે આર. બી., 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' (૨) જોટે આર. બી., ખંભાતનો ઈતિહાસ
(૩) જોટે આર. બી., ગુજરાતનો સાંસ્કૃતિક ઈતિહાસ (ઈસ્લામ યુગ) (૪) જોટે આર. બી., 'સોમનાથ'

વૃત્તપત્રના કાયદા પ્રમાણે

### 'પથિક' માસિક સંબંધી હકીકત

(ફોર્મ-૪ નિયમ ૮ પ્રમાણે)

| | | | |
|---|---|---|---|
| (૧) | પ્રકાશન સ્થળ | : | ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ |
| (૨) | પ્રકાશકની મુદત | : | માસિક |
| (૩) | મુદ્રક-પ્રકાશક-તંત્રીનું નામ | : | પ્રો. સુભાષ બ્રહ્મભટ્ટ |
| | રાષ્ટ્રિયતા ભારતીય છે ? | : | હા |
| | સરનામું | : | ભો. જે. વિદ્યાભવન, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ |
| (૪) | વૃતપત્રના માલિકો | : | સ્વ. માનસંગજી, બારડ સ્મારક ટ્રસ્ટ, |
| | | : | મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬ |

હું, સુભાષ બ્રહ્મભટ્ટ, જણાવું છું કે ઉપર જણાવેલી વિગતો મારા જાણવા તથા સમજવા પ્રમાણે સાચી છે. તા. ૧-૩-૯૮

— સુભાષ બ્રહ્મભટ્ટ



For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir






For Private and Personal Use Only